સુવિચાર

ખુશી તમારી પાસે છે, તમે તેને શોધવા માટે બહાર જોઈ રહ્યા છો...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક





ગોંડલ,શાપર અને ભાડલામાં ચાઈનીઝ દોરી અને તુક્કલનું વેચાણ કરતા પાંચ વેપારીઓ ઝડપાયા P-4




Year-16, Issue-229 ■ DATE : 09-01-2026 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# રાજકોટ સહિત જેતપુર-ધોરાજીમાં ૩.૮ની તીવ્રતાના ભૂકંપના આંચકા

### વ્હેલી સવારથી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ૧૧ આંચકા અનુભવાયાઃ ઉપલેટાથી ૨૭-૩૦ કિલોમીટરના અંતરે કેન્દ્ર બિંદુ નોંધાયુંઃ ધોરાજી-જેતપુરની તમામ શાળાઓમાં રજા જાહેરઃ જાનહાનીના કોઇ સમાચાર નહીં







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના જેતપુરમાં ગઈકાલ સાંજથી બપોર સુધીમાં ૧૧ જેટલા ભૂકંપના આંચકા અનુભવાયા છે. આજે વહેલી સવારથી અત્યાર સુધીમાં ૬ આંચકા અનુભવાતા જેતલસર, પેઢલા અને સરધારપુર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં લોકોમાં ફેલાયો હતો. જાનહાનિના કોઈ સમાચાર ન હોવાથી લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. જોકે, સલામતીને લઇને ધોરાજી-જેતપુરની તમામ શાળાઓમાં રજાઓ જાહેર કરવામાં આવી છે. બીજી તરફ સીસમોલોજી વિભાગે જેતપુર, ઉપલેટા અને ધોરાજીના મામલતદાર પાસે રિપોર્ટ માંગ્યો છે.

ગઇકાલે સાંજે ૪ વાગ્યાને ૪૩ મિનિટે પહેલો આંચકો અનુભવાયો હતો. જેનું કેન્દ્ર બિંદુ ઉપલેટાથી ૩૦ કિલોમીટર દૂર નોંધાયું હતું. જ્યારે આજે વહેલી સવારે છ વાગ્યાથી સાડા સાત વાગ્યા સુધીમાં દોઢ કલાકમાં છ આંચકા નોંધાતા લોકોના જીવ અધ્ધ થઈ ગયા છે. આ તમામ આંચકાનું કેન્દ્ર બિંદુ ઉપલેટાથી ૨૭થી ૩૦ કિલોમીટરના અંતરે નોંધાયા છે. જ્યારે તીવ્રતા ૩.૫ થી ૩.૮ની હોવાનું જાણવા મળ્યું છે.

વહેલી સવારથી ઉપરા ઉપરી ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ખાસ કરીને જેતલસર, પેઢલા અને સરધારપુર સહિતના આસપાસના ગામોમાં ધરતી ધ્રૂજી હોવાનો અહેસાસ થયો હતો. બે હજારની સાલના ભૂકંપના પુનરાવર્તન થાય તેવી લોકોમાં દહેશત વ્યાપી છે.

સતત ભૂકંપના આંચકાથી ધોરાજી અને જેતપુરની તમામ રજા જાહેર કરવામાં આવી છે. વહેલી સવારે વિદ્યાર્થીઓ રોજના સમય પ્રમાણે શાળાએ પહોંચ્યા હતા, પરંતુ સલામતીને લઇને રાજકોટ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલનો નિર્ણય લઇને વિદ્યાર્થીઓને પરત મોકલવા શાળાના આચર્યોને જાણ કરી હતી.

આ અંગે જેતપુર મામલતદાર એ.ડી.બાખલકીયાએ જણાવ્યું કે, અમે ટીડીઓ, ચીફ ઓફિસર અને શિક્ષણ વિભાગની મિટિંગ રાખી છે અને અમે એક કન્ટ્રોલરુમ ચાલુ કર્યો છે. લોકોને ખોટી અફવામાં આવવું નહીં અને એવું લાગે તો તમારે સુરક્ષિત જગ્યાએ જતા રહેવું અને અમારા કન્ટ્રોલરુમના મોબાઈલ નંબર ૯૪૨૯૯ ૧૬૯૯૬ પર સંપર્ક કરવો. શાળાઓમાં બાળકોને રજા આપવામાં આવી છે, પણ ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષકોને હાજર રહેવા માટે સૂચના આપી છે.

સદનસીબે, અત્યાર સુધી કોઈ જાનમાલના નુકસાનના સમાચાર પ્રાપ્ત થયા નથી.તંત્ર દ્વારા તલાટીઓ અને સરપંચોને પોતાના વિસ્તારમાં તપાસ કરવા સૂચના આપી દેવામાં આવી છે અને પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

આ અગાઉ ૨૪ ઓક્ટોમ્બર ૨૦૨૫ના રોજ પણ રાજકોટ જિલ્લાના વિરપુર અને જેતપુર શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ૩.૬ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ ગોંડલ શહેરથી લગભગ ૨૪ કિલોમીટર દૂર પશ્ચિમ-દક્ષિણ-પશ્ચિમ દિશામાં એક ખેતરમાં નોંધાયું હતું..

૨૪ ઓક્ટોમ્બરના રોજ બપોરે ૧૨ વાગ્યેને ૩૭ મિનિટે આ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. આ આંચકો ખૂબ જ હળવો હતો અને માત્ર એકથી બે સેકન્ડ પૂરતો જ ચાલ્યો હતો. જોકે, ભૂકંપનો અહેસાસ થતાં જ લોકોમાં ક્ષણિક ગભરાટ ફેલાયો હતો અને ઘણા લોકો સાવચેતીના ભાગરૂપે પોતાના ઘર, દુકાન કે ઓફિસમાંથી બહાર દોડી આવ્યા હતા.

## માર્ગ અકસ્માતમાં ઘાયલને રૂ.૧.૫ લાખ સુધીની કેશલેસ સારવાર

### કેન્દ્ર સરકારે સડક સુરક્ષા માટે લીધો ઐતિહાસિક અને માનવીય નિર્ણય





**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં દર વર્ષે લાખો લોકો સડક અકસ્માતનો ભોગ બને છે. સમયસર ઈલાજ ન મળવાથી મોટી સંખ્યામાં જીવ જાય છે. આ ગંભીર સમસ્યાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે સડક સુરક્ષા માટે એક ઐતિહાસિક અને માનવીય નિર્ણય લીધો છે.

હવે સડક અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને દેશભરમાં ૧.૫ લાખ રૂપિયા સુધીનો કેશલેસ ઈલાજ મળશે. આ સુવિધા અકસ્માત પછી મહત્તમ ૭ દિવસ સુધી ઉપલબ્ધ રહેશે. સાથે જ સડક અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને સમયસર હોસ્પિટલ પહોંચાડનાર નાગરિકોને સરકારની રાહવીર યોજના હેઠળ ૨૫ હજાર રૂપિયાનો ઈનામ આપવામાં આવશે.

આ નિર્ણયને સડક સુરક્ષાના ક્ષેત્રમાં મોટો સુધારો માનવામાં આવે છે, જેનાથી માત્ર જાન બચાવવામાં મદદ મળશે પરંતુ સામાન્ય નાગરિકોને પણ મદદ માટે આગળ આવવાનું પ્રોત્સાહન મળશે.કેન્દ્ર સરકાર સડક અકસ્માતોમાં થતા મોતને ઘટાડવા માટે સતત પ્રયાસ કરી રહી છે.

ભારતમાં સડક અકસ્માત માત્ર ટ્રાફિક સમસ્યા નથી પરંતુ એક ગંભીર સામાજિક અને જાહેર આરોગ્ય સંકટ બની ગયા છે. આંકડાઓ અનુસાર, દર વર્ષે દેશમાં લાખો અકસ્માત થાય છે, જેમાં હજારો લોકો જાન ગુમાવે છે અથવા આજીવન અપંગ બને છે.

સરકારનું માનવું છે કે, અકસ્માત પછી ગોલ્ડન અવરમાં જો ઘાયલને સાચો ઈલાજ મળી જાય તો તેનો જીવ બચાવી શકાય છે. આ જ વિચારધારા હેઠળ આ કેશલેસ ઈલાજ યોજના લાવવામાં આવી છે.

નવી યોજના હેઠળ સડક અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને સરકારી અને સૂચિબદ્ધ ખાનગી હોસ્પિટલોમાં ૧.૫ લાખ રૂપિયા સુધીનો કેશલેસ ઈલાજ મળશે. આ ઈલાજ અકસ્માત પછી ૭ દિવસ સુધી માન્ય રહેશે.

ઈલાજનો ખર્ચ ઈન્શ્યોરન્સ કંપનીઓ ઉઠાવશે જે કેસમાં વીમો નહીં હોય ત્યાં ખર્ચ સરકાર રોડ સેફ્ટી ફંડમાંથી ઉઠાવશે. ઘાયલ વ્યક્તિ અથવા તેના પરિવારને હોસ્પિટલમાં કોઈ આગોતરી રકમ જમા કરાવવી પડશે નહીં. આનો સૌથી મોટો ફાયદો ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને મળશે, જે મોટાભાગે પૈસાની અછતને કારણે સમયસર ઈલાજ નથી કરાવી શકતા.

આ યોજના પહેલા પાયલટ પ્રોજેક્ટ તરીકે કેટલાક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અમલમાં મૂકવામાં આવી હતી... તેમાં અસમ, ચંદીગઢ, પંજાબ, ઉત્તરાખંડ, હરિયાણા, પુડુચેરી, ઉત્તર પ્રદેશ સામેલ છે.

## કરવેરા કે નાણાકીય બાબતોમાં કોર્ટ દરમ્યાનગીરી કરી શકે નહીંઃ કેન્દ્ર



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હીમાં સતત વધી રહેલા હવાના પ્રદુષણમાંથી મુક્તિના કોઈ સંકેત નથી તે વચ્ચે દિલ્હી હાઈકોર્ટે નાગરિકોને તેમના ઘરોમાં સ્વચ્છ હવા મળી રહે તે હેતુથી એર પ્યોરીફાયરના ભાવ ઘટાડવા તેના પરનો ૧૮% નો જીએસટી દુર કરવા દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકારને આપેલા આદેશને નકારતા સરકારે સ્પષ્ટ વલણ અપનાવ્યું છે કે આ પ્રકારના કરવેરા કે નાણાકીય બાબતોમાં અદાલતો દરમ્યાનગીરી કરી શકે નહી.

એર પ્યોરીફાયરને મેડીકલ ડીવાઈઝ જાહેર કરી તેના પરનો જીએસટી ઘટાડવા કે દુર કરવા હાઈકોર્ટે સરકારને જણાવ્યું હતું. પરંતુ સરકારે તેને એક વ્યાપક અર્થમાં લીધુ છે અને જણાવ્યું છે કે કરવેરા સંબંધમાં અદાલતોને દરમ્યાનગીરી કરવાનું બંધારણ પણ છુટ આપતું નથી.


સરકારે આકરા શબ્દોનો ઉપયોગ કરતા જણાવ્યું કે એ પ્રસ્થાપીત થયેલો કાનુન છે કે નિર્ણય લેવાની જવાબદારી બંધારણે જેને આપી છે તેનો વિકલ્પ અદાલત આર્થિક નીતિ તથા નાણાકીય માળખા સંબંધમાં અદાલતો વિકલ્પ બની શકે નહી.

સરકારે દિલ્હી હાઈકોર્ટને તેના જવાબમાં કહ્યું કે અદાલતો જીએસટી દરોમાં સુધારા કરવા, જીએસટી કાઉન્સીલની બેઠક બોલાવવા કે કાઉન્સીલને ચોકકસ દર સ્વીકારવા માટે કહેવું એ બંધારણીય રીતે રચાયેલી જીએસટી કાઉન્સીલની કામગીરીમાં હસ્તક્ષેપ જેવું ગણાશે અને આ પ્રકારનાં બંધારણે જે રીતે સતાની મર્યાદા બાંધી છે તેને ઓળંગવા જેવું ગણાશે.સરકારનો આ જવાબ પર આજે દિલ્હીના ચીફ જસ્ટીસની ખંડપીઠ સમયે ધ્યાનમાં લેવાશે.

દિલ્હી હાઈકોર્ટમાં એક જાહેર હિતની અરજીમાં લોકોને શુદ્ધ પ્રદુષણ વગરની હવા મળી રહે તે હેતુથી એરપ્યોરીફાયર પરના જીએસટી દર ઘટે તે માટેની રીટ સમયની સુનાવણી સંદર્ભમાં બે-બે વખત આ મુદે દિલ્હી હાઈકોર્ટે સરકારનો જવાબ માંગ્યો હતો. જેમાં દિલ્હીના પ્રદુષણને અત્યંત ગંભીર-તાકીદની સ્થિતિ ગણાવાઈ હતી. અદાલતે એ પણ જણાવ્યું કે શા માટે તે પ્યોરીફાયર પરના જીએસટી ઘટાડવા માંગતી નથી.

## ઈરાનમાં મોંઘવારી સામે ચાલતો વિરોધ હવે વિદ્રોહમાં ફેરવાયો

### ફફડેલી સરકારે એર - ઈન્ટરનેટ બંધ કરી દીધાઃ પાટનગર તહેરાનને ઘેરી લેતા આંદોલનકારીઓઃ કુલ મૃત્યુઆંક ૪૫



**મુખ્ય સમાચાર, તહેરાન**

ઈરાનમાં એકાદ પખવાડિયાથી મોંઘવારી-નબળા ચલણ સામે ચાલતો વિરોધ હવે વિદ્રોહમાં ફેરવાયો હોય તેમ સમગ્ર દેશમાં હિંસક તોફાનો ફરી વળ્યા છે. આંદોલનકારીઓએ પાટનગર તહેરાનને પણ ઘેરી લીધું છે. ફફડેલી સરકારે એરસ્પેસ તથા ઈન્ટરનેટ બંધ કરી દીધા છે. તોફાનોનો મૃત્યુઆંક ૪૫ પર પહોંચ્યો છે.

ઈરાનમાં આર્થિક સંકટ સામે શરૂ થયેલા વિરોધ પ્રદર્શનો હવે સરકાર વિરોધી વિદ્રોહમાં ફેરવાઈ ગયા છે. રાજધાની તેહરાન સહિત મશહદ અને ઈસ્ફહાન જેવા મોટા શહેરોમાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે અને સુરક્ષાદળો સાથે અથડામણના અહેવાલો પરિસ્થિતિ વણસતી જોઈને, ખામૈની શાસને દેશવ્યાપી ઈન્ટરનેટ બ્લેકઆઉટ કરી દીધું છે અને સમગ્ર દેશનું એરસ્પેસ પણ બંધ કરી દીધું છે.

રાજધાની તેહરાન સહિત સમગ્ર દેશમાં સત્તા વિરોધી આંદોલન મોટા પાયે ફેલાઈ ગયું છે. 'આ અંતિમ લડાઈ છે' જેવા નારાઓ સાથે પ્રદર્શનકારીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં, પ્રદર્શનકારીઓ ઐતિહાસિક 'લાયન એન્ડ સન' ધ્વજ લહેરાવતા જોવા મળે છે, જેને ઈરાનમાં રાજાશાહીના પ્રતીક તરીકે જોવામાં આવે છે. ઘણા શહેરોમાં ઈરાનના પૂર્વ શાહના પુત્ર રેઝા પહલવીના સમર્થનમાં 'પહલવી પાછા આવશે' અને 'શાહ અમર રહો' જેવા નારાઓ પણ લગાવવામાં આવી રહ્યા છે.

પ્રદર્શનો જે ઝડપથી વધી રહ્યા છે, તેનાથી ખામૈની શાસન સ્પષ્ટપણે ગભરાયેલું દેખાઈ રહ્યું છે. પરિસ્થિતિ હાથમાંથી સરકતી જોઈને, સરકારે આકરા સુરક્ષા પગલાં લીધા છે. સમગ્ર દેશનું એરસ્પેસ બંધ કરી દેવામાં આવ્યું છે. તેહરાનનું મુખ્ય એરપોર્ટ પણ ઠપ કરી દેવાયું છે.

સમગ્ર દેશમાં ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. ખામૈની શાસને દેશભરમાં એર ડિફેન્સ સિસ્ટમ પણ સક્રિય કરી દીધી છે. આ પગલાં દર્શાવે છે કે સત્તાને ડર છે કે જો પરિસ્થિતિ વધુ વણસશે તો તે કાબૂ બહાર જઈ શકે છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને કડક ચેતવણી આપતા કહ્યું છે કે, ''જો પ્રદર્શનકારીઓની હત્યા કરવામાં આવશે તો અમેરિકા આકરો જવાબ આપશે. કોઈનો પણ અવાજ દબાવવાનો પ્રયાસ કરવામાં આવશે તો અમે છોડીશું નહીં.'' અમેરિકન ઉપપ્રમુખ જેડી વેન્સે કહ્યું છે કે અમેરિકા શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓની સાથે ઉભું છે અને ઈરાને પરમાણુ મુદ્દે વાતચીત કરવી જોઈએ.

આ વિરોધ પ્રદર્શનોની શરૂઆત ગયા મહિને તેહરાનના ગ્રાન્ડ બઝારથી થઈ હતી, જ્યાં વેપારીઓએ ઈરાની ચલણ રિયાલના તીવ્ર ઘટાડા અને વધતી મોંઘવારી સામે અવાજ ઉઠાવ્યો હતો. જોતજોતામાં આ વિરોધ બેરોજગારી, વસ્તુઓની અછત અને પશ્ચિમી પ્રતિબંધોને કારણે સર્જાયેલા વ્યાપક આર્થિક સંકટ સામેના જનઆક્રોશમાં ફેરવાઈ ગયો.

## બ્રિક્સ અને જી-૭ વચ્ચે 'બ્રિજ' બનશે ભારત ! ટ્રમ્પની દાદાગીરી વચ્ચે ફ્રાંસના મેક્રોનનું મોટું



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને વાર્ષિક એમ્બેસેડર્સ કોન્ફરન્સમાં વિશ્વની બદલાતી સ્થિતિ અંગે મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે એક તરફ ભારત સાથેના સંબંધોને નવા શિખરે લઈ જવાની વાત કરી છે, તો બીજી તરફ અમેરિકાની સંસ્થાનવાદી નીતિની આકરી ટીકા કરી છે.

ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને ભારતને 'અભૂતપૂર્વ અને સોલિડ પાર્ટનર' ગણાવ્યું છે. તેમજ આવતા મહિને ભારતની મુલાકાત લેવાની મહત્ત્વપૂર્ણ જાહેરાત પણ કરી છે. મેક્રોનનું દ્રઢપણે માનવું છે કે વર્તમાન સમયમાં આંતરરાષ્ટ્રીય ગવર્નન્સ અને નિયમોમાં મોટા પાયે સુધારાની જરૂર છે, જેમાં ભારત અત્યંત નિર્ણાયક ભૂમિકા ભજવી શકે તેમ છે. ખાસ કરીને બ્રિક્સ()ના અધ્યક્ષ તરીકે ભારત વિવિધ દેશો વચ્ચે એક મજબૂત બ્રિજ બનીને વૈશ્વિક વિવાદો ઉકેલવામાં મદદરૂપ થઈ શકે છે.

ભારત અને ફ્રાંસ અત્યારે સંરક્ષણ, સુરક્ષા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ક્લાયમેટ ચેન્જ જેવા મહત્ત્વના ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરી રહ્યા છે, જે બંને દેશોની વ્યૂહાત્મક ભાગીદારીને નવી ઊંચાઈએ લઈ જશે.

ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને અમેરિકાની વર્તમાન નીતિઓની આકરી ટીકા કરતા જણાવ્યું છે કે, અમેરિકા પોતે જ સ્થાપેલા આંતરરાષ્ટ્રીય નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યું છે. મેક્રોને ગંભીર આક્ષેપ કરતા કહ્યું કે, 'અમેરિકા હવે તેના જૂના અને વિશ્વાસુ સાથીદારોથી સતત દૂર થઈ રહ્યું છે અને વ્યાપાર કે સુરક્ષાને લગતા વૈશ્વિક નિયમોમાંથી પોતાને આઝાદ કરી રહ્યું છે. અમેરિકાનું આ વલણ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા માટે જોખમી સાબિત થઈ શકે છે, કારણ કે તે પોતાના હિતો સાધવા માટે વર્ષોથી ચાલી આવતી રાજદ્વારી મર્યાદાઓ અને શિષ્ટાચારને નેવે મૂકી રહ્યું છે.'

## જર્મની અને ભારત વચ્ચે સબમરીન નિર્માણ સોદાને આખરી સ્વરૂપ

### ૭૨૦૦૦ કરોડમાં બંને દેશો વચ્ચેનો સૌથી મોટો કરાર થશે





**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જર્મની અને ભારત ૮ બિલિયન ડોલર (આશરે ૭૨,૦૦૦ કરોડ) ના સબમરીન નિર્માણ સોદાને અંતિમ સ્વરૂપ આપી રહ્યા છે. આ ભારતનો જર્મની સાથેનો સૌથી મોટો સંરક્ષણ કરાર હશે.

પ્રથમ વખત, જર્મની સબમરીન ઉત્પાદન માટે ટેકનોલોજી પણ ટ્રાન્સફર કરશે. આ સબમરીન જર્મનીની થિસેનક્રુપ મરીન સિસ્ટમ્સ જીએમબીએચ અને ભારતની સરકારી માલિકીની માઝાગોન ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ દ્વારા સંયુક્ત રીતે બનાવવામાં આવશે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ આવતા અઠવાડિયે ભારતની મુલાકાત લેશે. ભારતીય નૌકાદળ પાસે હાલમાં એક ડઝન જૂની રશિયન અને છ નવી ફ્રેન્ચ સબમરીન છે. કેન્દ્રીય સૂત્રોએ જણાવ્યું હતું કે જો જર્મની સાથેનો સોદો અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે, તો ભારત ફ્રાન્સ પાસેથી વધુ ત્રણ સબમરીન ખરીદવાની યોજના રદ કરશે.

જર્મન સરકારના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, મેર્ઝ સોમવારે ગુજરાતમાં પીએમ નરેન્દ્ર મોદીને મળશે. મેર્ઝ આ વાતચીતનો ઉપયોગ યુરોપિયન યુનિયન અને ભારત વચ્ચે મુક્ત વેપાર કરાર પર વ્યાપક વાટાઘાટોને ઝડપી બનાવવા માટે પણ કરશે. જર્મન કંપનીઓના ઘણા સીઈઓ પણ આવી રહ્યા છે.

હિંદ મહાસાગરમાં દેખરેખ મજબૂત બનાવવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નવી સબમરીન હવાથી સ્વતંત્ર પ્રોપલ્શન સિસ્ટમથી સજ્જ હશે. આનાથી તેમની સહનશક્તિ વધશે અને ડીઝલ-ઈલેક્ટ્રિક પ્રોપલ્શન સિસ્ટમ કરતાં તેમને લાંબા સમય સુધી પાણીની અંદર રહેવાની મંજૂરી મળશે. આ સબમરીન હિંદ મહાસાગર ક્ષેત્રના વિશાળ પાણીમાં દેખરેખ ક્ષમતામાં વધારો કરશે, કારણ કે ચીન ત્યાં તેની હાજરીનો વિસ્તાર કરી રહ્યું છે.

## કાલે સોમનાથમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આગમન

### સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત અનેકવિધ કાર્યક્રમોઃ મોટી સંખ્યામાં ઉમટતા શિવભકતો



**મુખ્ય સમાચાર, વેરાવળ**

શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં આયોજીત સ્વાભિમાન પર્વમાં મોટી સંખ્યામાં ભકતો ઉમટી રહયા છે. જેમાં કાલે સાંજે ૫૩૦ વાગ્યે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનું આગમન થશે. અને રાત્રી રોકાણ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં કરશે. ત્યારબાદ તા.૧૧ને રવિવારના બપોર સુધી શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં આયોજીત વિવિધ કાર્યક્રમોમાં જોડાશે.

આજે સવારે શ્રી સોમનાથ મંદિર પાસે શંખ સર્કલ નજીકથી સાધુઓની રવેડી નીકળી હતી. સોમનાથ ખાતે દ્વાદશ જ્યોર્તિલિંગ પૈકીના પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવના ચરણોમાં ૦૮ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. આ પર્વ નિમિત્તે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી પણ ૧૦ અને ૧૧ જાન્યુઆરી દરમિયાન દાદા સોમનાથની અલૌકિક અને ઐતિહાસિક ભૂમિ પર આવનાર છે. સ્વાભિમાન પર્વની ઉજવણી સાથે સમગ્ર સોમનાથની આભાએ કંઈક અલગ જ વાતાવરણનું સર્જન કર્યું છે. શિવ આરાધનાના સ્વર, સૂર અને સંગીતથી સોમનાથ શિવમય બન્યું છે.

દેશ-વિદેશથી શિવ ભક્તો સોમનાથ દાદાના દર્શન કરવા અને આ સ્વાભિમાન પર્વમાં સહભાગી બનવા સોમનાથના અતિથિ બન્યા છે. ત્યારે સોમનાથે પણ વિશેષ શણગાર સજ્યા છે. સોમનાથના વિવિધ ચાર માર્ગીય સર્કલ પર મૂકવામાં આવેલી સાઉન્ડ સિસ્ટમ પર વહેલી સવારે શિવ આરાધના, મંત્રોચ્ચાર, શિવ ધૂન અને ભજનો તથા ગીત-સંગીતથી વાતાવરણ શિવ ભક્તિમય બન્યું છે. ઉપરાંત શહેરના મુખ્ય માર્ગો તથા જાહેર સ્થળો પર રોશની અને સુશોભનથી સોમનાથને વિશેષ શણગાર કરવામાં આવ્યો છે.

દ્વાદશ જ્યોર્તિલિંગમાંના પ્રથમ જ્યોર્તિલિંગની ભૂમિ પર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તા.૧૦ અને તા.૧૧મી જાન્યુઆરીના રોજ સોમનાથ સ્વાભિમાન પર્વ'' માં સહભાગી થવા માટે પધારવાના છે, ત્યારે કેન્દ્રીય સંસ્કળતિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતજીએ વડાપ્રધાનશ્રીના સોમનાથ પ્રવાસ અને શૌર્ય યાત્રાના રૂટ સહિત વિવિધ કાર્યક્રમો અંગે સ્થળ સમિક્ષા કરી અન્ય તૈયારીઓની વિગતો મેળવી હતી.

# જામનગરમાં ઉતરાયણ દરમિયાન પશુ-પંખીઓના સંરક્ષણ અને સારવાર માટે વિશેષ વ્યવસ્થા




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ વ્યવસ જામનગર જિલ્લાના તમામ પશુ દવાખાનાઓ, ૬ તાલુકાઓમાં પશુ દવાખાનાની ટીમ ઉપરાંત ૧૯૬૨ મોબાઈલ ટીમ કાર્યરત રહેશે.જામનગર, ઉતરાયણ પર્વમાં પતંગના ધારદાર દોરાથી પક્ષી ઘાયલ થાય તો તેને સરળતાથી સારવાર મળી શકે તે માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૦ થી ૨૦ જાન્યુઆરી દરમિયાન વન અને પશુપાલન વિભાગ દ્વારા કરૂણા અભિયાન- ૨૦૨૬નું આયોજન કરવામાં આવનાર છે.ઘાયલ થયેલા પશુ-પક્ષીઓને તાત્કાલિક સારવાર મળે તે માટે ઉતરાયણના તહેવારમાં જામનગર જિલ્લાના તમામ પશુ દવાખાના ચાલુ રહેશે તેમજ ૬ તાલુકામાં પશુ દવાખાનાની ટીમ ઉપરાંત ૧૯૬૨ પશુ દવાખાનાની મોબાઈલ ટીમ પણ કાર્યરત રહેશે. ઉતરાયણ પર્વ અંતર્ગત ઘાયલ પક્ષી કે બીમાર પશુ જોવા મળે તો ૧૯૬૨ ફ્રી હેલ્પલાઇન નંબર પર સંપર્ક કરતા મેડિકલ ટીમ સ્થળ પર આવી સારવાર કરશે. ઘવાયેલાં પક્ષીની પ્રાથમિક સારવાર કેવી રીતે કરવી.જો પક્ષીની પાંખ કે પગમાં દોરી લપેટાઈ ગઈ હોય તો ધીમેથી તે કાઢી નાખો.લોહી વહેતું હોય તો તેના પર આયોડેક્સ કે ચૂનો ના લગાવવો જોઈએ અને એના ઘા ઉપર હળવેથી રૂ મુકી લોહી નીકળતું બંધ કરીએ. આપણાં અને પક્ષીઓનાં શરીરની રચના અલગ હોય છે એટલે આપણે જે પ્રાથમિક સારવારમાં વસ્તુઓ વાપરતા હોય તે તેમના માટે ના વાપરવી જોઈએ.

ભૂલથી પણ પક્ષી પર પાણી ના છાંટવું કે ઘાયલ હાલતમાં તેને કોઈ દાણા ખવડાવવા ના જોઈએ.

ઘાયલ પક્ષીમાંથી દોરી કાઢી તેને એક બોક્સમાં મૂકવું અને ઉપરની બાજુ કાણા પાડવા જેથી તે શ્વાસ લઇ શકે.સમડી, કાગડો કે અન્ય મોટું પક્ષી હોય તો રૂમાલની મદદથી પકડી બોક્સમાં મૂકવું.તાર કે દોરી પર લટકેલાં પક્ષી પર લંગતિયું કે પથ્થર ક્યારેય ના મારવો.

પક્ષીઓને ઈજા કે દોરીમાં ફસાય નહિ તે માટે શું કરવું.ચાઇનીઝ અને સિન્થેટિક દોરીનું વેચાણ, સંગ્રહ કે ઉપયોગ ટાળવો. આ ઘેરી ઘણા મહિના સુધી કંઈ થતું નથી. તે ઘોડી પણ કાચી પડતી નથી. આથી તહેવાર પતે પછી પણ ઠેર ઠેર લટકતી ચાઇના દોરીમાં પક્ષીઓની પાંખ કે પગ ફસાઈ ગયા હોય તેવા કેસ આવે છે.પતંગ ઉત્તરાયણના દિવસે જ સવારના ૯૦૦ કલાક થી સાંજના ૫૦૦ કલાક દરમ્યાન ચગાવીએ.દોરી વધારે પાક્કી કરવા તેની પર કાચ ના લગાવવો જોઈએ.૧૦ થી ૧૫ ટકા પક્ષીઓને જ ઊડતી વખતે દોરી વાગે છે, બાકીનાં તો જ્યાં-ત્યાં પડેલી દોરીઓમાં જ ફસાઈ જાય છે. તેથી ધાબા પર દોરીના ગુચ્છા ના થવા દેવા તેમજ તમારી આજુબાજુની જગ્યા અને ઝાડ પર દેખાતા દોરીના ગુચ્છાનો નિકાલ કરવોપશુઓને ખાસ કરીને ગાયને ભાવિક લોકો દ્વારા લીલોચારો, રજકો, ઘુઘરી વગેરે વધુ પ્રમાણમાં ખવડાવવાના કારણે પશુઓમાં આફરાના તથા મેણો ચડવાના કેસો અવાર-નવાર બનતા હોય છે તે બાબતે ગૌશાળા પાંજરાપોળ સંચાલકોને કાળજી રાખવા નાયબ પશુપાલન નિયામક જિલ્લા પંચાયત, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.સૌ સાથે મળી અબોલ જીવોને ઘાયલ થતા બચાવીએ

# સેવક ભરૂડિયામાં ઘોડીપાસાના જુગાર પર ત્રાટકતી એલસીબી રૂા.૧૫.૭૮ લાખના મુદ્દામાલ સાથે ૨૪ પન્ટર પકડાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના સેવકભરૂડિયા ગામની સીમમાં ચાલી રહેલા ઘોડીપાસાના જુગારધામ પર એલસીબી દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરોડામાં ૨૪ શખ્સોને રોકડ રકમ અને અન્ય મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા.

પોલીસે કુલ રૂ. ૧૫.૭૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે દોસમામદ જુમાભાઈ ખીરા અને કિશન મનસુખભાઈ મકવાણા બહારથી માણસો બોલાવી ઘોડીપાસાનો જુગાર રમાડતા હતા. પોલીસે ઝડપાયેલા તમામ સામે ગુનો નોંધી, કિશન મનસુખ મકવાણા અને અલ્પેશ ઈબ્રાહિમ અમરેલિયા નામના બે શખ્સોને ફરાર જાહેર કર્યા છે.એલસીબીની ટીમે દરોડા દરમિયાન દોસમામદ જુમા ખીરા, અનવરમીયા આમદમીયા શાહમદાર, રઈશ સલીમ ખુરેશી, ગિરીશ છમનમલ રાજાણી, ઈલિયાસ ઈકબાલ ધ્રોલિયા, દિનેશ ઉર્ફે ટકો રમણિક લખિયાર, ફિરોઝ ઉર્ફે પપ્પુ હુશેન ખફી, કલ્પેશ બાલમુકુંદ પંડયા, અશરફ ઉર્ફે પીપો મામદ ખફી, હનિફ ઈસ્માઈલ હમીરાણી, અહેમદ કાસમ હાલાણી, રવજી નારણ વાઘોણા, ઈમરાન ઉર્ફે ઈભુડો પતાણી, જાવિદ ઈબ્રાહિમ ખફી, મહમદ ઉર્ફે કારો બોદુ ખીરા, જયમીન મુકેશ નરેલા, અબ્દુલ યુસુફ ખફી, જયેશ હરદાસ માંગલિયા, ચેતન રણછોડ રાઠોડ, બકુલ હેમંત કાપડી, ભાવેશ દિનેશ સામાણી, લક્ષ્મણ ઈશ્વરલાલ થારવાની, નવાઝ મુસા કોટા અને સંજય હરદાસ માતકા સહિત કુલ ૨૪ શખ્સોને ઝડપી પાડ્યા હતા.આ રેઈડ દરમિયાન એલસીબી ની ટીમે રૂ. ૬,૧૨,૦૦૦ રોકડા, રૂ. ૮ લાખની કિંમતની બે ઈકો કાર અને રૂ. ૧,૬૬,૦૦૦ની કિંમતના ૧૦ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૧૫,૭૮,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે કુલ ૨૬ શખ્સો ૨૪ ઝડપાયેલા અને ૨ ફરાર વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી, વધુ કાર્યવાહી માટે લાલપુર પોલીસ સ્ટેશનને સોંપ્યા હતા.

# જામનગર મહાનગરપાલિકાને "PM સ્વનિધિ યોજના" માં ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજ્યકક્ષાએ દ્વિતીય ક્રમાંકનો એવોર્ડ એનાયત




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ ની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર ખાતે સ્વનિધિ સમારોહ-૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં જામનગર મહાનગરપાલિકાને કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી PM સ્વનિધિ યોજના.ના અમલીકરણમાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ રાજ્યની મેજર સીટીઝ Major Citiesની કેટેગરીમાં દ્વિતીય ક્રમાંક 2nd Rank પ્રાપ્ત થયો છે.ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે યોજાયેલ આ ગૌરવવંતા કાર્યક્રમમાં રાજ્યના માનનીય મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં જામનગર મહાનગરપાલિકાને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.જામનગર મહાનગરપાલિકા વતી આસિસ્ટન્ટ કમિશ્નર વહીવટ મુકેશ વરણવા એ આ એવોર્ડ સ્વીકાર્યો હતો.પી.એમ. સ્વનિધિ યોજના અંતર્ગત જામનગરના નાના અને ફેરિયા વ્યવસાયકારોને લોન સહાય પૂરી પાડવા અને તેમના આર્થિક ઉત્થાન માટે જામનગર મહાનગરપાલિકાએ સરાહનીય કામગીરી કરી છે, જેની નોંધ રાજ્ય સ્તરે લેવામાં આવી છે. આ સિદ્ધિ બદલ મ્યુનિસિપલ કમિશનર અને સમગ્ર ટીમને શુભેચ્છા પાઠવવામાં આવી છે.

# મોરબીમાં જગતગુરુ રામાનંદાચાર્યજીની ૭૨૬મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી થશે



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી માળિયા (મી.) વિસ્તારના રામાનંદી સાધુ સમાજ દ્વારા આગામી તા. ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રામઘાટ સ્થિત રામાનંદ ભવન ખાતે જગતગુરુ રામાનંદાચાર્યજીની ૭૨૬મી જન્મજયંતિ ધાર્મિક વિધિ અને મહાપ્રસાદ સાથે ઉજવવામાં આવશે. મોરબી શહેરમાં સંત પરંપરાના મહાન આચાર્ય જગતગુરુ રામાનંદાચાર્યજીની ૭૨૬મી જન્મજયંતિ નિમિત્તે ધાર્મિક અને આધ્યાત્મિક માહોલ વચ્ચે મોરબી માળિયા(મી) વિસ્તારના રામાનંદી સાધુ સમાજ દ્વારા આગામી તા. ૧૦/૧ના રોજ મોરબીના રામઘાટ વિસ્તારમાં આવેલ રામાનંદ ભવન ખાતે જન્મજયંતિની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત સવારે ૭:૩૦ કલાકે મંગલા આરતી ત્યારબાદ ૧૧:૩૦ કલાકે મહાઆરતી યોજાશે, જેમાં મોટી સંખ્યામાં સાધુસંતો અને ભક્તો ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત બપોરે ૧૨:૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં તમામ ભક્તોને પ્રસાદ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# જામનગર પોલીસ દ્વારા વાહનચાલકોને "સેફટી ગાર્ડ" પહેરાવાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં આકાશી યુદ્ધના પર્વ ગણાતી ઉતરાયણને હવે ગણતરી ના દિવસો બાકી છે. ત્યારે આકાશમાં રંગબેરંગી પતંગોની સાથે રસ્તાઓ પર જીવલેણ દોરીનું જોખમ પણ વધી જતું હોય છે. દર વર્ષે પતંગની કાચ પાયેલી દોરીને કારણે અનેક ટુ-વ્હીલર ચાલકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થાય છે. તો ઘણા જીવ પણ ગુમાવે છે. આ ગંભીર બાબતને ધ્યાને રાખીને જામનગર જીલ્લા પોલીસ દ્વારા એક અત્યંત સરાહનીય અને માનવીય પહેલ કરવામાં આવી છે.ત્યારે,જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની સંયુક્તના માર્ગદર્શન હેઠળ જામનગર શહેર વિભાગ ને નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલા ની સુચના થી સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ના પીઆઇ નિકુંજસિંહ ચાવડા સહિત સ્ટાફ દ્વારા દરબારગઢ સર્કલ વિસ્તારમાં એક વિશેષ સુરક્ષા અભિયાન હાથ.ધરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત રસ્તા પર થી પસાર થતા ટુ-વ્હીલર ચાલકોને રોકીને તેમના વાહન પર નિઃશુલ્ક "સેફ્ટી ગાર્ડ" લગાડી આપવામાં આવ્યા હતા. આ ગાર્ડ ચાલક ના ગળા અને મોઢાના ભાગને દોરીથી બચાવવા માટે ઢાલ સમાન સાબિત થાય છે.

# મોરબી મનપા દ્વારા અવની પાર્ક મેઈન રોડ ખાતે શ્રમદાન અભિયાન યોજાયું



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા અવની પાર્ક મેઈન રોડ વિસ્તારમાં સ્વચ્છતા જાગૃતિના ઉદ્દેશ સાથે વિશાળ શ્રમદાન અભિયાન યોજાયું હતું. આ અભિયાનમાં મહાનગરપાલિકાના કમિશ્નર સહિતના અધિકારીઓ, સ્ટાફ, વિવિધ સંસ્થાઓ અને નાગરિકો સહિત અંદાજીત ૧૮૦ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સફાઈ દરમિયાન ભારે પ્રમાણમાં સોલિડ વેસ્ટ તથા બાંધકામનો કચરો દૂર કરવામાં આવ્યો હતો. સાથે સાથે નાગરિકોને સોર્સ સેગ્રીગેશન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મોરબી મહાનગરપાલિકા દ્વારા તા. ૦૮/૧૧/૨૦૨૬ના રોજ અવની પાર્ક મેઈન રોડ ખાતે શ્રમદાન અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહાનગરપાલિકાના કમિશ્નર, ડેપ્યુટી કમિશ્નર, અધિકારી-કર્મચારીઓ, મોરબી જીલ્લા ઉમિયા પરિવાર સમુહ લગ્ન સમિતિ તેમજ સ્થાનિક નાગરિકો સહિત અંદાજીત ૧૮૦ લોકો જોડાયા હતા. સફાઈ અભિયાન દરમિયાન ૬ ટ્રેક્ટર, ૧ બેક હો લોડર અને ૨ ફ્રન્ટ હો લોડરની મદદથી અંદાજીત ૩૫ ટન જેટલો સોલિડ વેસ્ટ તથા વેસ્ટ દૂર કરવામાં આવ્યો હતો. ઉપરાંત જંગલ કટીંગની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી.

શ્રમદાન દરમ્યાન બજરંગ સોસાયટી તથા આસપાસના વિસ્તારોમાં નાગરિકોને ઘન કચરા વ્યવસ્થાપન અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. ખાસ કરીને સોર્સ સેગ્રીગેશન અંતર્ગત સુકો અને ભીનો કચરો અલગ રાખવાની સમજ આપવામાં આવી હતી. મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાનને વધુ સક્રિય બનાવવા "શ્રમદાન ફોર મોરબી" નામે વાર્ષિક કેલેન્ડર તૈયાર કરવામાં આવ્યું હોવાનું નાયબ કમિશ્નર (પ્રોજેક્ટ) દ્વારા જણાવાયું હતું. આ અંતર્ગત તમામ મોરબીવાસીઓને આગામી સમયમાં આયોજિત શ્રમદાન કાર્યક્રમોમાં બહોળી સંખ્યામાં જોડાવાનું આહ્વાન કરવામાં આવ્યું છે.

# મોરબીમાં વિદ્યુતનગરના ઢાળીયા પાસે જાહેરમાં તીનપત્તિનો જુગાર રમતા પાંચ જુગારી ઝડપાયા



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથક પીઆઇ વી.એન.પરમારના સુપરવિઝન હેઠળ સર્વેલન્સ ટીમ પેટ્રોલીંગમા હોય તે દરમ્યાન પૂર્વ બાતમીને આધારે મોરબી-૨ સર્કિટ હાઉસ સામે વિધ્યુતનગરના ઢાળીયા પાસે જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તિનો જુગાર રમતા રમેશભાઇ દેવજીભાઇ ભોયા ઉવ.૪૭ રહે. વિધુતનગર વિક્રમવાડી મોરબી-૨, હરેશભાઇ ગીરીજાશંકર ત્રિવેદી ઉવ.૫૯ રહે. રવિ રાંદલ પાર્ક ભારતીનગર ૧૫૦ ફુટ રીંગ રોડ રાજકોટ, મહેશભાઇ કાળુભાઇ શેખાણી ઉવ.૪૬ રહે.સો-ઓરડી વરીયાનગર શેરી નં.૨ મોરબી-૨, લક્ષમણભાઇ સબુભાઈ ખાંટ ઉવ.૫૫ રહે. માધાપર મોરબી તથા દિનેશભાઇ મોહનભાઇ ઝીઝુંવાડીયા ઉવ.૫૩ રહે. રેલ્વે વર્કશોપ પાછળ ઝુલતા પુલની બાજુમાં મોરબી વાળાને કુલ રૂ.૨૨,૮૦૦/- રોકડા સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. આ સાથે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મોરબીમાં હોર્ડીંગ બોર્ડ માટે નવી પ્રક્રિયા અમલમાં: મંજૂરી વગરના બોર્ડ દૂર કરાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાએ શહેરની સુંદરતા, નિયંત્રિત વિકાસ અને કાયદેસર જાહેરખબર વ્યવસ્થા સુનિશ્ચિત કરવા ખાનગી જમીન અથવા મકાન પર હોર્ડીંગ બોર્ડ લગાવવા માટે નિયમિત પ્રક્રિયા અમલમાં મૂકી છે. મંજૂરી વગર લગાવવામાં આવેલા હોર્ડીંગ બોર્ડ તાત્કાલિક દૂર કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

મોરબી શહેરમાં વધતા હોર્ડીંગ બોર્ડ અને અનિયમિત જાહેરખબરને નિયંત્રિત કરવા મહાનગરપાલિકાએ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. શહેરની સુંદરતા જાળવવા, શહેરી વિકાસને નિયંત્રિત રાખવા તેમજ ટ્રાફિક સલામતી અને જાહેર સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે હવે ખાનગી માલિકીની જમીન અથવા મકાન પર હોર્ડીંગ બોર્ડ લગાવવાની પ્રક્રિયા સત્તાવાર રીતે અમલમાં મુકવામાં આવી છે. મહાનગરપાલિકાની સૂચના અનુસાર હોર્ડીંગ લગાવવા ઈચ્છતા અરજદારોને માલિકીના દસ્તાવેજો, સ્થળની સંપૂર્ણ વિગતો તથા નિયત ફી સાથે મોરબી મહાનગરપાલિકાની એસ્ટેટ શાખામાં અરજી કરવી ફરજિયાત રહેશે. અરજી બાદ સંબંધિત વિભાગ દ્વારા સ્થળ તપાસ અને નિયમ મુજબ ચકાસણી કરવામાં આવશે અને મંજૂરી મળ્યા પછી જ હોર્ડીંગ અથવા બોર્ડ લગાવવાની પરવાનગી આપવામાં આવશે.

હોર્ડીંગ બોર્ડની ઊંચાઈ, માપ અને સ્થાન ટ્રાફિક વ્યવસ્થા, માર્ગ સલામતી અને શહેરી સુરક્ષાના નક્કી કરેલા ધોરણો અનુસાર જ મંજૂર કરવામાં આવશે. મહાનગરપાલિકાની પૂર્વ મંજૂરી વગર લગાવવામાં આવેલા હોર્ડીંગ બોર્ડ ગેરકાયદેસર ગણાશે અને તેવા બોર્ડ તાત્કાલિક દૂર કરવામાં આવશે તેમજ જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે. આ સાથે મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે તેઓ નિયમોનું પાલન કરી કાયદેસર રીતે હોર્ડીંગ લગાવે અને મોરબી શહેરને સ્વચ્છ, સુંદર અને સુવ્યવસ્થિત રાખવામાં સહકાર આપે.

# મોરબીમાં સરદાર વલ્લભભાઈ પટેલની ત્રિદિવસીય સરદાર કથા સંપન્ન




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં સરદાર પટેલ કન્યા છાત્રાલય ખાતે નિર્શીવ ફાઉન્ડેશન અને કડવા પાટીદાર કન્યા કેળવણી મંડળના સહયોગથી આયોજિત ત્રિદિવસીય સરદાર કથામાં લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના ત્યાગ, બલિદાન અને અખંડ ભારત નિર્માણની ગાથા ભાવસભર રીતે રજૂ થઈ, જેને હજારો શ્રોતાઓએ પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપે શ્રવણ કરી હતી.

મોરબીમાં સરદાર પટેલ કન્યા છાત્રાલય ખાતે નિર્શીવ ફાઉન્ડેશન, કડવા પાટીદાર કન્યા કેળવણી મંડળ અને ગોપાલભાઈ ચમારડીના સહયોગથી આયોજિત ત્રિદિવસીય સરદાર કથામાં લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના ત્યાગ, બલિદાન અને રાષ્ટ્રસેવાના આદર્શોને ભાવસભર રીતે રજૂ કરવામાં આવ્યા હતા. વ્યાસાસને કથાકાર શૈલેષભાઈ સગપરિયાએ સરદાર પટેલના જીવનપ્રસંગો, સ્વતંત્રતા સંગ્રામમાં તેમનો સંઘર્ષ અને "મને રાષ્ટ્રહિત સિવાયના કોઈ સપના નથી આવતા" એવા તેમના વિચારોને શ્રોતાઓ સુધી પહોંચાડ્યા હતા. ખાસ કરીને બારડોલી સત્યાગ્રહ દરમિયાન ખેડૂતોને સંગઠિત કરી અંગ્રેજ સરકાર સામે અડગ રહેવા પ્રેરિત કર્યાની ઘટનાએ શ્રોતાઓમાં ભારે ઉત્સાહ જગાવ્યો હતો.

કથાના અંતિમ દિવસોમાં સ્વતંત્રતા પછી ૫૬૨ રજવાડાંઓને એક ભારત સાથે જોડવાની સરદાર પટેલની ઐતિહાસિક ભૂમિકા વિગતે વર્ણવાઈ હતી. ભાવનગરથી શરૂ કરીને સૌરાષ્ટ, જુનાગઢ, હૈદ્રાબાદ અને કશ્મીર જેવી રિયાસતોને પોતાની દ્રઢતા અને કુનેહથી ભારત-માં વિલીન કરી અખંડ ભારતનું નિર્માણ કર્યાની ગાથાએ શ્રોતાઓને ભાવવિભોર કરી દીધા હતા. ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ સરદાર પટેલના અવસાનની વાત સાંભળી ઉપસ્થિત સૌની આંખો ભીની થઈ ગઈ હતી. કડકડતી ઠંડી વચ્ચે પણ ધારાસભ્યો, અગ્રગણ્ય આગેવાનો સહિત હજારો લોકોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન પરોક્ષ રૂપે આ કથાનું શ્રવણ કરી ધર્મલાભ લીધો હતો.

# ગીર ગઢડા રીસોર્ટમાં થયેલ ચોરીના આરોપીઓને ઝડપી પાડતી ગીર ગઢડા પોલીસ



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ગીર સોમનાથ તથા નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ.ચૌધરી સાહેબ ઉના વિભાગ ઉના નાઓએ ચોરીના ગુન્હાના આરોપીઓને શોધી કાઢવા સખત સુચના આપવામાં આવેલ ગીર સોમનાથ પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર એન.એ.વાઘેલા ગીરગઢડા પોલીસ સ્ટેશન નાઓની રાહબારી હેઠળ ગીરગઢડા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૯૫૬/૨૦૨૫ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૩૦૬,૫૪ મુજબના ગુન્હાના કામે આ કામના ફરીયાદી ગઇ તા.૦૪/૦૫/૨૦૨૫ના કલાક ૧૧ વાગ્યાથી ૦૬/૦૫/૨૦૨૫ સાંજના આઠ વાગ્યા સુધી બહાર ગયેલ હોય તે દરમ્યાન તેમના ઘર તથા હોમસ્ટેમાં ( સિમ્બા રિસોર્ટ)માં આ કામના આરોપીઓ પગારદાર (નોકર) તરીકે કામ કરતાં હોય ઉપરોક્ત સમયે આરોપીઓએ ફરી.નાં અંગત રૂમમાં પાછળથી બારીની સ્લાઇડર ખોલી અંદર પ્રવેશ કરી ફરી.ના કબાટમાં રાખેલ રોકડ રૂપીયા ચાર લાખ (૪,૦૦,૦૦૦/ તથા સોનાનું મગળસુત્ર તથા સોનાની બુટી તથા સોનાની વીંટીઓ તથા સોનાનો ચેઇન સોનાની બંગડીઓ એમ નવાજુના સોનાના દાગીનાંન કી.રૂ.૧,૯૪,૦૦૦ મળી કી.રૂ. ૫,૯૪,૦૦૦ની ચોરી કરવામાં એકબીજાએ મદદગારી કરી ચોરી કરી લઇ જઇ ગુન્હો કરેલ હોય જે ચોરીમાં ગયેલ મુદામાલ તથા આરોપીને ગણતરીની કલાકોમાં શોધી કાઢી ચોરીમાં ગયેલ મુદામાલ સોનાના દાગીના તથા રોકડ રૂપીયા સાથે આરોપીને મુદામાલ સાથે પકડવામાં આવેલ છે અને જેની આગળની તપાસ ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર એન.એ.વાઘેલા નાઓના કરેલ કરી રહ્યા છે

# મોરબીમાં રીક્ષામાં કતલ માટે લઈ જવાતા અબોલ જીવને બચાવી લેતા ગૌરક્ષકો



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ગૌરક્ષકો દ્વારા વધુ એક પશુને કતલ થતા પહેલા બચાવી લેવામાં આવ્યું છે. જેમાં સી.એન.જી. રિક્ષામાં ક્રૂરતા પૂર્વક બાંધી પાડાને કતલખાને લઈ જવાતો હોવાની બાતમીના આધારે કાર્યવાહી કરી બે આરોપીઓને ઝડપી પોલીસને સોંપવામાં આવ્યા છે. આ સાથે મોરબી ગૌરક્ષકોની સમયસરની કાર્યવાહીને લોકોએ બિરદાવી હતી.

મોરબી ગૌરક્ષક, વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળને વહેલી સવારે બાતમી મળી હતી કે માથક તરફથી એક પાડાને કતલ માટે મોરબી તરફ લઈ જવાઈ રહ્યો છે. જે અબોલ જીવને જીજે-૩૬-ડબલ્યુ-૮૯૧૧ રજી.નં.ની રિક્ષામાં ભરવામાં આવ્યો હોવાની જાણ થતાં ગૌરક્ષકો સક્રિય બન્યા હતા. થાન બાજુથી રફાળીયા થઈને મોરબી સામાકાંઠા વિસ્તારમાં આવતી રિક્ષાને ગૌરક્ષકોએ રોકી તપાસ કરી હતી. તપાસ દરમ્યાન રિક્ષામાં એક પાડો અત્યંત ક્રૂરતા પૂર્વક બાંધેલી હાલતમાં મળી આવ્યો હતો. વાહન ચાલકની પૂછપરછ કરતાં કોઈ પણ પ્રકારના પાસ કે પરમિટ ન હોવાનો ખુલાસો થયો હતો તેમજ માથકથી પાડાને ભરી મોરબીના શક્તિ ચોક ખાટકી વાસ વિસ્તારમાં કતલ કરવા લઈ જવાતો હોવાનું સામે આવ્યું હતું. આથી ગૌરક્ષકો દ્વારા તરત જ કાર્યવાહી કરી બે આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. બાદમાં બંને આરોપીઓને બી-ડિવિઝન પોલીસને સોંપી પાડાને સુરક્ષિત રીતે છોડાવવામાં આવ્યો હતો.

# પતિ ૧૦ દિવસ સુધી ઘરે ન આવતા આખરે પત્નીએ ગુમ થયા અંગે ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના માનસર ગામ નજીકથી એક વ્યક્તિ ગુમ થતા પત્નીએ હળવદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં પતિ માનસર જેટકો ૪૦૦ કે.વી.સબ સ્ટેશનથી ગુમ થયેલ હોય જે છેલ્લા દસ દિવસથી પરત ન ફરતા પત્નીએ આખરે ગુમ થયાની હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. હળવદ તાલુકાના માનસર જેટકો ૪૦૦ કે.વી. સબ સ્ટેશન વિસ્તારમાંથી હસમુખભાઇ કાનજીભાઇ ચાવડા ઉવ.૪૮ રહે.સોનીતલાવડી વડવાળી શેરી ધ્રાંગધ્રા વાળા અચાનક ગુમ થયાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે તેમની પત્ની નીતાબેન હસમુખભાઇ ચાવડાએ હળવદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, ગત તા.૨૯/૧૨/૨૦૨૫ના રોજ સાંજના સાડા છ વાગ્યાના અરસામાં તેમના પતિ હસમુખભાઇ કોઇને જાણ કર્યા વગર માનસર જેટકો સબ સ્ટેશન પાસેથી ક્યાંક જતા રહ્યા હતા. ત્યારબાદ આજદિન સુધી તેઓ પરત ફર્યા નથી. હાલ હળવદ પોલીસે જાણવાજોગ એન્ટ્રી કરી આગળની તપાસ ચલાવી છે.

ચોથી જાગીરનો પડકાર
મુખ્ય સમાચાર
સાંધ્ય દૈનિક


# સોમનાથ મહાદેવ મંદિર પરિસરમાં યોજાયો ભવ્યાતિભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ; શિવ આરાધનાના ગીતો સાથે શિવભક્તિના રંગે રંગાયા પ્રેક્ષકો

સાંસ્કૃતિક કાર્યક્રમમાં મંત્રી જીતુભાઈ વાઘાણી પ્રદ્યુમન વાજા અને કૌશિક વેકરિયાની ઉપસ્થિતિ: નગર મેં જોગી આયા... અગડ બમ, અગડ બમ...,હર હર મહાદેવ... ગીતોના નાદ થી ગુંજી ઉઠ્યું સોમનાથ જ્યોર્તિલિંગ દેવાલય: કિર્તીદાન ગઢવી, જીગરદાન ગઢવી અને ઉમેશ બારોટે આપણી સંસ્કૃતિ અને સનાતન ધર્મના અહોભાવ સાથે સંગીતના સૂર છેડ્યા; સાંઈરામ દવેએ સાહિત્યની પ્રસ્તુતિ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોમનાથ સ્વાભિમાન પર્વના પ્રથમ દિવસે સોમનાથ મહાદેવ મંદિર પરિસરમાં ભવ્યાતિભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રવક્તા મંત્રી સર્વ જીતુભાઈ વાઘાણી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને કૌશિક વેકરિયાસહિતના મહાનુભાવો જોડાયા હતા.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાતના ખ્યાતનામ કલાકારો કિર્તીદાન ગઢવી, જીગરદાન ગઢવી અને ઉમેશ બારોટે સોમનાથ મહાદેવની આરાધના અને ભજનો સાથે આપણી સંસ્કૃતિ, ધરોહર અને સનાતન ધર્મને સંગીતના સૂરોના તાંતણે બાંધી અહોભાવ સાથે શિવ ભક્તિમાં તરબોળ કરતા ગીતોની રમઝટ બોલાવી હતી. ઉપસ્થિત પ્રેક્ષકો મંત્રમુગ્ધ બની શિવ ભક્તિમાં લીન બન્યા હતા અને સંગીતમાં ઝૂમ્યા હતા. પ્રેક્ષકોએ પણ આત્મીયતાથી આ કાર્યક્રમ સાથે જોડાઈ શિવ ભક્તિના અનેક ગીતોની સાથે તાળીઓ સાથે કલાકારોના સૂરમાં સૂર પુરાવ્યો હતો. સાંઈરામ દવેએ સાહિત્યની પ્રસ્તુતિ સાથે સોમનાથ મહાદેવની સ્થાપના, વિદેશી આક્રમણો અને આપણા યોદ્ધાઓ તથા આજે પણ અડીખમ આ સોમનાથ મંદિર તથા આપણા ઐતિહાસિક ધરોહર વિશે વાત કરી હતી.

કર્ણપ્રિય ગીત સંગીત, રોશનીથી દીપી ઊઠેલું મંદિર પરિસર અને નીરખી નિરખીને પણ મન ન ભરાય એવું અલૌકિક સોમનાથ જ્યોર્તિલિંગનું દેવાલય, આ ત્રિવેણી સંગમથી જાણે દિવ્ય વાતાવરણનું સર્જન થયું હતું. કલાકારોએ શિવ ભક્તિના ગીતોની સાથે ગરબાની પણ રમઝટ બોલાવી હતી.

આ પ્રસંગે સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, પૂર્વ સાસંદશ મોહનભાઈ કુંડારીયા, સચિવ આલોક પાંડે, ટી. નાગરાજન, દિલીપ રાણા, સોમનાથ કલેક્ટર આઈ.એ. ઉપાધ્યાય સહિતના ઉપસ્થિત રહ્યા હતા.




સોમનાથ સ્વાભિમાન પર્વના રૂડાં અવસરના ભાગરૂપે સોમનાથ નગરીના રસ્તાઓ, મિનાર, મંદિરો, ચોક, મહત્વના ધાર્મિક સ્થળો પર આકર્ષક રોશની કરવામાં આવી છે.

## કિશનગઢ સ્ટેશન પર પોરબંદર--મુઝફ્ફરપુર એક્સપ્રેસનું નવું સ્ટોપેજ

મુસાફરોની સુવિધા માટે રેલવેનો મહત્વપૂર્ણ નિર્ણય

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા મુસફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને અજમેર અને જયપુર ડિવિઝન હેઠળની કેટલીક ટ્રેનોને પ્રાયોગિક ધોરણે વધારાના સ્ટોપેજ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંતર્ગત રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ટ્રેન સંખ્યા ૧૯૨૬૯/૧૯૨૭૦ પોરબંદર--મુઝફ્ફરપુર એક્સપ્રેસને રાજસ્થાનના કિશનગઢ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

નવું સ્ટોપેજ સમયપત્રક : (૧) ટ્રેન સંખ્યા ૧૯૨૬૯ પોરબંદર--મુઝફ્ફરપુર એક્સપ્રેસ પોરબંદરથી ૯ જાન્યુઆરી, ૨૦૨૬ થી ઉપડનારી આ ટ્રેનનું કિશનગઢ સ્ટેશન પર આગમન ૧૨:૨૨ કલાકે, પ્રસ્થાન ૧૨:૨૪ કલાકે

(૨) ટ્રેન સંખ્યા ૧૯૨૭૦ મુઝફ્ફરપુર-પોરબંદર એક્સપ્રેસ મુઝફ્ફરપુરથી ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી ઉપડનારી આ ટ્રેનનું કિશનગઢ સ્ટેશન પર આગમન ૨૦:૧૧ કલાકે, પ્રસ્થાન ૨૦:૧૩ કલાકે

આ વધારાનું સ્ટોપેજ પ્રાયોગિક ધોરણે આગામી આદેશ સુધી અમલમાં રહેશે. આ નિર્ણયથી કિશનગઢ અને આસપાસના વિસ્તારોના મુસાફરોને મુસાફરીમાં નોંધપાત્ર સુવિધા પ્રાપ્ત થશે.

## રાજકોટ જિલ્લામાં વસતા સૈનિકોના સંતાનો માટે ગોધરા ખાતે સૈનિક કુમાર છાત્રાલયમાં પ્રવેશ શરૂ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોધરા જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી દ્વારા રાજકોટ, મોરબી તથા અમરેલી જિલ્લામાં વસતા સેવારત સૈનિકો, સદગત સૈનિકોના ધર્મપત્ની તથા પૂર્વ સૈનિકોના સંતાનો માટે નિશુલ્ક રહેવા તથા વાજબી દરે ભોજનની વ્યવસ્થા કરાઈ છે. ધોરણ ૮થી કોલેજમાં નિયમિત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ (ફક્ત છોકરાઓ)ને રહેવા અને જમવા માટે ગોધરામાં લીલેસરા-સારંગપુર રોડ પર સૈનિક કુમાર છાત્રાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ છાત્રાલયમાં એડમિશન મેળવવા ઈચ્છુક માતા-પિતાએ કચેરીનો રૂબરૂ સંપર્ક કરી, ફોર્મ ભરીને સત્વરે જમા કરાવવવાનું રહેશે. ઉલ્લેખનીય છે કે વ્હેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે. વધુ વિગત ટે.નં. ૦૨૬૭૨-૨૪૦૫૮૦ અથવા મો.નં. ૯૯૯૮૬ ૦૫૭૫૭ પર સંપર્ક કરી શકાશે, તેમ યાદીમાં જણાવાયું છે.

## જેતપુરના પાંચપીપળામાં પરિણીતાએ ગળેફાંસો ખાઈ કર્યો આપઘાત



**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુર તાલુકાના પાંચપીપળા ગામે ૨૦ વર્ષીય પરણિત મહિલાએ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. પતિ બહાર ગયા હતા તે દરમિયાન પાછળથી મહિલાએ આ અંતિમ પગલું ભરી લેતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. મળતી વિગત મુજબ, પાંચપીપળા ગામના કુંભારવાડા વિસ્તારમાં નદી કાંઠે રહેતા ખુશીબેન વિવેકભાઈ પરમાર (ઉ.વ. ૨૦) નામના પરણિતાએ ગત સાંજે પોતાના ઘરે પંખા સાથે ગળેફાંસો ખાઈ લીધો હતો. ઘટના સમયે તેમના પતિ વિવેકભાઈ બહાર પાન ખાવા માટે ગયા હતા અને ખુશીબેન ઘરે એકલા હતા. પતિ જ્યારે પરત ફર્યા ત્યારે પત્નીને લટકતી હાલતમાં જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. આ બનાવ અંગે જાણ થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને મૃતદેહને તાત્કાલિક પોસ્ટમોર્ટમ અર્થે જેતપુરની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતા જ જેતપુર ઉદ્યોગનગર પોલીસનો કાફલો હોસ્પિટલ પહોંચ્યો હતો. આગળની તપાસ હાથ ધરી છે.

## સૌરાષ્ટ્ર - કચ્છ - ગુજરાત કાતિલ ઠંડીની લપેટમાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છમાં છેલ્લા કેટલાંક દિવસોથી ફુંકાઇ રહેલા ઉતર-પૂર્વનાં ઠંડા પવનોથી સતત ઠંડી વધી રહી છે. ત્યારે આજે રાજયમાં ચાલુ સિઝનનું સૌથી નીચુ તાપમાન નલિયા ખાતે ૪.૮ ડિગ્રી થઇ જતા નલિયા હિમગારમાં ફેરવાઇ ગયું હતું અને સ્થાનિકો કડકડતી ઠંડીમાં ઠુંઠવાઇ ગયા હતા.

આ ઉપરાંત રાજકોટ અને અમરેલીમાં ચાલુ માસમાં આજે સતત ત્રીજીવાર સિંગલ ડિઝીટમાં તાપમાન નોંધાયુ હતું. સવારે અમરેલીમાં ૮.૬ તથા રાજકોટમાં ૯.૪ ડિગ્રી, લઘુતમ તાપમાન સાથે ૬ કિ.મી.ની ઝડપે પવન ફુંકાતા લોકો ઠરી ગયા હતા તેમજ જુનાગઢમાં પણ સવારે ૧૦.૮ ડિગ્રી સાથે કડકડતી ઠંડી અનુભવાઇ હતી. તથા ગિરનાર પર્વત ઉપર ૫.૮ ડિગ્રી લઘુતમ તાપમાન થઇ જતા પક્ષી અને વન્ય પ્રાણીઓની હાલત દયનીય બની હતી. પ્રાપ્ત અહેવાલો મુજબ ગિરનાર પર્વત ઉપર જાણે હીમ ત્રાટકયું હોય તેમ ગિરનાર ઠંડોગાર થઇ જતા પ્રવાસીઓ ઠુંઠવાયા હતા ગઇકાલે રાત્રીથી તાપમાનનો પારો નીચે ઉતરી જતા ગિરનાર પર્વત ઉપર ૫.૮ ડિગ્રીએ આવી જતા ભારે ઠંડી સાથે બરફીલો પવન પ્રતિ કલાક ૮ કિ.મી.ની ઝડપે ફુંકાય રહ્યો છે. પશુ, પક્ષી, વન્ય પ્રાણીઓમાં માઠી અસર પહોંચવા પામી છે.

## વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશનમાં દેશ-વિદેશના મહાનુભાવો ગુજરાતની પરંપરાગત કલાથી અવગત

રાજયના ઉદ્યોગ અને ખાણ વિભાગના કુટિર અને ગ્રામોદ્યોગના નેજા હેઠળ ''સ્વદેશી હાટ''નું આયોજન: સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ જિલ્લાઓના કલાકારો ગુજરાતની શ્રેષ્ઠ કલાકૃતિઓનું કરશે લાઈવ ડેમોન્સ્ટ્રેશન: ૨૮ સ્ટોલના આયોજન સાથે રાષ્ટ્રીય અને રાજય કક્ષાના એવોર્ડથી સન્માનિત કારીગરો, લુપ્ત કલાના કારીગર અને ૧૨ માસ્ટર કારીગરો જોડાશે

**આલેખન: પ્રિયંકા પરમાર**

''લોકલ ટુ ગ્લોબલ''ના ધ્યેયમંત્ર સાથે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક પ્રતિભાશાળી કલાકારોને પણ વૈશ્વિક પ્લેટફોર્મ મળી રહે તે દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે. રાજકોટ ખાતે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો તા. ૧૧ જાન્યુઆરીના માન.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે શુભારંભ થનાર છે, ત્યારે ગુજરાતની પરંપરાગત કલાઓથી દેશ - વિદેશ અને રાજ્યના વિવિધ જિલ્લાના મહાનુભાવઓ અવગત થાય તે માટે વાઈબ્રન્ટ એક્ઝિબિશનમાં ''સ્વદેશી હાટ''નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

રાજયના ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તક કમિશ્નર, કુટિર અને ગ્રામોદ્યોગના નેજા હેઠળ યોજાનાર ''સ્વદેશી હાટ''માં આર્ટ એન્ડ ક્રાફ્ટના ૨૪ અને લાઈવ ડેમોન્સ્ટ્રેશનના ૪ સ્ટોલ મળીને કુલ ૨૮ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૪ જીવંત નિદર્શન, ૨૧ હાથશાળ - હસ્તકલાના કારીગરો, ૧ ગરવી-ગુર્જરી, ૨ ખાદી ગ્રામોદ્યોગની સંસ્થાનો સમાવેશ થાય છે.

સ્વદેશી હાટમાં રાષ્ટ્રીય અને રાજય કક્ષાના એવોર્ડથી સન્માનિત કારીગરો, લુપ્ત કલાના કારીગર અને ૧૨ માસ્ટર કારીગરો જોડાશે. વધુમાં ઈવેન્ટમાં આવનાર ડેલીગેશન, મુલાકાતીઓ અને સ્થાનિક જનતાને રોગાન આર્ટ, કચ્છી ભરતકામ, ટાંગલીયા વણાટ કામ, મોતીકામ સહિતની ગુજરાતની શ્રેષ્ઠ કલાકૃતિનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન કરીને નિદર્શન કરવામાં આવશે. જેમાં કચ્છમાંથી રોગાન આર્ટ, કચ્છી ભરતકામ, બાંધણી અજરખ બ્લોક પ્રિન્ટ, ભુજોડી શાલ, લેધરવર્ક, સુફ ભરતકામ, કોપરબેલ, દેવભૂમિ દ્વારકાની ખંભાળીયા શાલ, ભાવનગરનું મોતીકામ, મોરબીની પોટરી, સુરેન્દ્રનગરનું ટાંગલીયા વણાટ કામનો સમાવેશ થાય છે.

વધુમાં કચ્છ અને સૌરાષ્ટ ઝોનના કચ્છ જિલ્લાનું રોગાન આર્ટ, કચ્છી ભરતકામ, બાંધણી, મડ મિરર વર્ક, અજરખ બ્લોક પ્રિન્ટ, ભુજોડી શાલ, લેધર વર્ક, હેન્ડલુમ ફેબ્રીક્સ, સુફ ભરતકામ, કોપરબેલ અને ખરડ વિવિંગ, સુરેન્દ્રનગર જિલ્લાનું ટાંગલીયા, રાજકોટ જિલ્લાનું પટોળુ, ભાવનગર જિલ્લાનું મોતીકામ, કોયરવર્ક, પોરબંદર જિલ્લાનું વાંસકામ, હેન્ડલુમ, જુનાગઢ જિલ્લાની એમ્બ્રોઈડરી, બોટાદ જિલ્લાનું માટીકામ, મોરબી જિલ્લાનું માટીકામ, દેવભૂમિ દ્વારકા જિલ્લાની શાલ, અમરેલી જિલ્લાની એમ્બ્રોઈડરી, ગીર-સોમનાથ જિલ્લાનું હેન્ડલુમ, જામનગર જિલ્લાની બાંધણીના સ્ટોલોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## વાંકાનેરના વઘાસીયા ટોલનાકા નજીકથી ૪ કિલોથી વધુ ગાંજા સાથે એક શખ્સને ઝડપી લેતી એસઓજી

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના વઘાસીયા ટોલનાકા નજીક આવેલ હોટલ પાસેથી મોરબી એસ.ઓ.જી. ટીમે રેઈડ કરી ૪ કિલો ૮૨૯ ગ્રામ ગાંજાના જથ્થા સાથે એક ઇસમને ઝડપી લીધો છે. આરોપી પાસેથી ગાંજો, મોબાઇલ સહિત રૂ.૨,૪૬,૪૫૦નો મુદ્દામાલ કબ્જે કરી, આરોપી વિરુદ્ધ વકાબેર સીટી પોલીસ મથકમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



મોરબી જીલ્લા પોલીસ અધીક્ષકના માર્ગદર્શન હેઠળ મોરબી એસ.ઓ.જી. દ્વારા નાર્કોટીક્સ માદક પદાર્થના વેંચાણ સામે સતત કાર્યવાહી હાથ ધરાઈ રહી છે. તે દરમ્યાન એસ.ઓ.જી. ટીમને બાતમી મળી હતી કે ઝારખંડનો રહેવાસી રમન રાજેશ સાહ વઘાસીયા ટોલનાકા નજીક ફર્સ્ટ લાઇક હોટલ સામે ગાંજાનો જથ્થો રાખી વેંચાણની પેરવીમાં ઉભો છે. બાતમી આધારે એસ.ઓ.જી. ટીમે સ્થળ પર રેઇડ કરી આરોપી રમન રાજેશ સાહ ઉવ.૨૬ રહે.હાલ રાતાવીરડા તા.વાંકાનેર મૂળ ઝારખંડ વાળાને ૪ કિલો ૮૨૯ ગ્રામ વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો કિંમત રૂ.૨,૪૧,૪૫૦/- સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે પકડાયેલ આરોપી પાસેથી એક મોબાઇલ સહિત કુલ રૂ.૨,૪૬,૪૫૦/-નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધાવી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

## મોરબીમાં નોકરીનો ઓર્ડર ન સ્વીકારાતા યુવકે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો

GMERS મેડિકલ કોલેજના મેદાનમાં બનેલ બનાવ અંગે સીટી એ ડિવિઝન પોલીસે જાણવા જોગ નોંધ કરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ખાનગી સિક્યુરિટી કંપનીમાંથી મોરબી GMERS મેડિકલ કોલેજમાં સિક્યુરિટી સુપરવાઇઝરની નોકરીનો ઓર્ડર મળ્યો હતો જે ઓર્ડર મેડિકલ કોલેજના ડિન દ્વારા સ્વીકારવામાં ન આવતા જે બાબતનું મનમાં લાગી આવતા ૨૨ વર્ષીય યુવકે મેડીકલ કોલેજના મેદાનમાં ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેને લઈને મોરબી સીટી એ ડિવિઝન પોલીસે જાણવાજોગ એન્ટ્રી નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે. મોરબી શહેરના રોહિદાસ પરા વિસ્તારમાં આંબેડકર સર્કલ ચોક ખાતે રહેતા વિનોદભાઇ કિશોરભાઇ પંચોલી ઉવ.૨૨ નામના યુવકને સિક્યુરિટી કંપની જી.ડી. અજમેરા મારફતે મોરબી GMERS મેડિકલ કોલેજ ખાતે સિક્યુરિટી સુપરવાઇઝરની નોકરીનો ઓર્ડર મળ્યો હતો. જેના અનુસંધાને વિનોદભાઈ ગઈકાલ તા.૦૮/૦૧/૨૦૨૬ના રોજ બપોરના સમયે તેઓ મેડિકલ કોલેજમાં હાજર થવા ગયા હતા. પરંતુ ત્યાં હાજર મેડિકલ કોલેજના ડિન ડૉ.સંજયભાઇ વિકાણી તથા ડૉ.હિરનભાઇ સાંઘાણી દ્વારા ઓર્ડર સ્વીકારવામાં ન આવતા અને હાજર ન કરતા, યુવકને મનમાં લાગી આવ્યું હતું. આથી તેઓએ મેડિકલ કોલેજના ગ્રાઉન્ડમાં અડધી બોટલ ફિનાઇલ પી લીધી હતી. બનાવની જાણ થતાં વિનોદભાઈને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ત્યારે સમગ્ર મામલે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે જાણવાજોગ નોંધ કરી વધુ તપાસની કાર્યવાહી હાથ ધરી છે.

## ટંકારા પોલીસના સરપ્રાઈઝ કોમ્બીંગના ૧૫ કેસોમાં ૧૦૯ લીટર દેશી દારૂ જપ્ત

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશન સામે રાખવામાં આવેલા સરપ્રાઈઝ કોમ્બીંગ દરમિયાન પોલીસે કુલ ૧૫ કેસો નોંધ્યા છે. જેમાં ૬ મહિલાઓ સહિતના ઈસમો પાસેથી ૧૦૯ લીટર દેશી દારૂ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ટંકારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તા. ૦૭/૦૧/૨૦૨૬ તથા તા. ૦૮/૦૧/૨૦૨૬ના રોજ સરપ્રાઈઝ કોમ્બીંગ ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ કોમ્બીંગ દરમિયાન વાંકાનેર ડિવિઝનના તમામ પોલીસ સ્ટેશનના અધિકારી અને કર્મચારીઓની અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી. આ સમગ્ર કાર્યવાહી ટંકારા પોલીસ સ્ટેશનના પીઆઇ કે.એમ. છાસીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. કોમ્બીંગ દરમિયાન પ્રોહીબીશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા



ઈસમોને પકડી પોલીસે કુલ ૧૫ કેસોમાં દેશી દારૂ રાખી વેચાણ કરવાના ૧૩ કેસ તથા પીધેલાના ૨ કેસોનો સમાવેશ થાય છે. ટંકારા પોલીસે આ કાર્યવાહીમાં ૬ મહિલાઓ સહિતના આરોપીઓ પાસેથી કુલ ૧૦૯ લીટર દેશી દારૂ કિ.રૂ.૨૧,૮૦૦/-કબજે કર્યો છે,

## મોરબીના સ્કાય મોલના ગેરકાયદેસર બાંધકામના દબાણ હટાવવા જાગૃત નાગરિકની કમિશનરને રજૂઆત

જાગૃત નાગરિક હરેન્દ્રસિંહ ઝાલાએ મહાનગરપાલિકા કમિશ્નરને લેખિત રજુઆત કરી, દસ દિવસમાં કાર્યવાહી ન થાય તો આંદોલનની ચીમકી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના શનાળા રોડ પર આવેલા સ્કાય મોલમાં ગેરકાયદેસર બાંધકામ અને દબાણ હોવાનો આક્ષેપ કરીને જાગૃત નાગરિક હરેન્દ્રસિંહ વિજયસિંહ ઝાલાએ મહાનગરપાલિકા કમિશ્નરને લેખિત રજુઆત કરી છે. બે સોસાયટીના લે-આઉટ ભેગા કરી રોડ બંધ કરી બાંધકામ કરાયું હોવાનું જણાવતાં અંડરગ્રાઉન્ડ પાર્કિંગ તથા રોડ તરફનું ૨૦ ફૂટનું બાંધકામ તાત્કાલિક તોડી પાડવાની માંગ ઉઠી છે.

મોરબી શહેરના શનાળા રોડ ઉપર આવેલ સ્કાય મોલના ગેરકાયદેસર બાંધકામને લઈને વિવાદ તીવ્ર બન્યો છે. જાગૃત નાગરિક હરેન્દ્રસિંહ વિજયસિંહ ઝાલા રહે. મુ. શકત શનાળા દ્વારા મહાનગરપાલિકા કમિશ્નરને લેખિત રજુઆત કરી સ્કાય મોલમાં થયેલા દબાણ અને કાયદા વિરુદ્ધના બાંધકામ સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. સ્કાય મોલમાં બે અલગ અલગ સોસાયટીના લે-આઉટ પ્લાન ભેગા કરીને સોસાયટીના રોડ બંધ કરી સમગ્ર લે-આઉટ તૈયાર કરવામાં આવ્યો છે. આ બાબત અગાઉ તે સમયના ચીફ ઓફિસર ગીરીશ સરૈયાની સામે રજૂ કરાઈ હોવા છતાં ફાઈલ દબાવી દેવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. નગરપાલિકાના દફતરમાંથી સ્કાય મોલની ઓરિજિનલ ફાઈલ મેળવી સંપૂર્ણ તપાસ કરાય તો મોલના આગળનું અંડરગ્રાઉન્ડ પાર્કિંગ તેમજ રોડ તરફનું અંદાજે ૨૦ ફૂટનું બાંધકામ ગેરકાયદેસર હોવાનું બહાર આવશે.

વધુમાં જણાવાયું છે કે શનાળા રોડની મધ્ય રેખાથી કેટલા અંતરે બાંધકામ થવું જોઈએ તેની નોંધ નગરપાલિકાના દફ્તરે ઉપલબ્ધ છે. આસપાસના અન્ય બિલ્ડીંગો રોડની મધ્ય રેખાથી દૂર હોવા છતાં સ્કાય મોલ કેમ રોડની આગળ આવી રહ્યું છે, તેની નિષ્પક્ષ તપાસ કરી ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવાની માંગ ઉઠી છે. નોધનીય છે કે મહાનગરપાલિકાએ શહેરમાં અનેક દબાણો દૂર કર્યા છે અને નાગરિકો કમિશ્નરની કામગીરીથી સંતોષ વ્યક્ત કરી રહ્યા છે, તેમ છતાં સ્કાય મોલના મામલે કાર્યવાહી ન થવા પાછળ કોઈ રાજકીય દબાણ છે કે કેમ તેવો પ્રશ્ન પણ રજૂઆતમાં ઉઠાવવામાં આવ્યો છે. જો દસ દિવસની અંદર યોગ્ય તપાસ અને કાર્યવાહી નહીં થાય તો યુવા ગ્રુપ દ્વારા ગાંધી ચીંધ્યા માર્ગે ઉપવાસ આંદોલન કરવાની તથા જરૂર પડે તો માનનીય હાઈકોર્ટમાં ન્યાય માંગવાની ચેતવણી આપવામાં આવી છે.

## ટંકારાના નસીતપર નજીક ટ્રકે વોકિંગમાં જતા વૃદ્ધને હડફેટે લેતા મોત

નસીતપર-રાજપર રોડ ઉપર થયેલ અકસ્માતમાં સારવાર દરમિયાન વૃદ્ધનું મૃત્યુ

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના નસીતપર ગામની સીમમાં હિટ એન્ડ રનનો ગંભીર બનાવ સામે આવ્યો છે. જેમાં વોકિંગમાં જતા એક વૃદ્ધને ટ્રકે પાછળથી હડફેટે લેતા તેમને ગંભીર ઇજા પહોંચી હતી અને સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. ત્યારે સમગ્ર અકસ્માતના મામલે મૃતકના ભાઈની ફરિયાદને આધારે ટંકારા પોલીસે આરોપી ટ્રકના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

ટંકારા તાલુકાના નસીતપર ગામથી રાજપર તરફ જતા રોડ ઉપર આવેલ નાળા પાસે તા.૦૭/૦૧/૨૦૨૬ના રોજ રાત્રિના આઠ વાગ્યાના અરસામાં અકસ્માત સર્જાયો હતો. જેમાં નસીતપર ગામે રહેતા પ્રાણજીવનભાઇ નારણભાઇ વોકિંગ માટે નીકળ્યા હતા. તે દરમિયાન નસીતપરથી રાજપર જવાના રોડ ઉપર ટ્રક નં. જીજે-૦૩-વી-૭૮૮૫ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી, પ્રાણજીવનભાઈને પાછળથી હડફેટે લીધા હતા. અકસ્માત બાદ ટ્રક ચાલક વાહન સાથે નાસી ગયો હતો. બનાવમાં વૃદ્ધને શરીરે તથા જમણા પગે ફ્રેક્ચર સહિત ગંભીર ઇજાઓ પહોંચતા તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. બનાવ અંગે મૃતકના ભાઇ પ્રભુભાઇ નારણભાઇ અંદોદરીયાની ફરિયાદના આધારે ટંકારા પોલીસે આરોપી ટ્રક ચાલક વિરુદ્ધ બીએનએસ તથા મોટર વ્હીકલ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## રાજકોટ મહાપાલિકા દ્વારાં વિદ્યાર્થીઓ માટે ''સ્વચ્છ TULIP'' ઈન્ટર્નશીપ પ્રોગ્રામનું આયોજન

આ પ્રોગ્રામમાં જોડાવવા ૧૫ જાન્યુઆરી સુધીમાં રજીસ્ટ્રેશન કરી શકશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સ્વચ્છ સર્વેક્ષણ -૨૦૨૫-૨૬ અન્વયે સ્વચ્છ ભારત મિશનમાં યુથ પાર્ટીશીપેશનને પ્રોત્સાહન મળે તે હેતુથી મીનીસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા અર્બન લર્નિંગ ઈન્ટર્નશીપ પ્રોગ્રામ ''સ્વચ્છ TULIP'' નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સ્નાતક થયેલ વિદ્યાર્થીઓ માટે સ્વચ્છ TULIP ઈન્ટર્નશીપ પ્રોગ્રામ હેઠળ વિવિધ સરકારી વિભાગોમાં ઈન્ટર્નશીપ મેળવીને ટેકનીકલ અને વહીવટી કામગીરીનો અનુભવ મેળવી શકે છે. જે અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાના સ્વચ્છ સર્વેક્ષણ અંતર્ગત કરવામાં આવતી કામગીરી જેમ કે, સ્વચ્છતા કેમ્પેઈન, અવેરનેસ ડ્રાઈવ, સીટી સેન્ટ્રીક બિહેવિયર ચેન્જીસ, IEC ઇનીશીયેટીવ્સ, સેનિટેશન અને વેસ્ટ મોનીટરીંગના કામોમાં સહયોગ આપીને ભાગ લેનારા વિદ્યાર્થીઓ શીખી શકે તે હેતુથી એક મહિના માટે ઈન્ટર્નશીપ મેળવી શકે છે.

આ ઈન્ટર્નશીપ પ્રોગ્રામમાં ભાગ લેવા માટે ન્યુનતમ લાયકાત તરીકે મીનીમમ ગ્રેજ્યુએશન કરેલ હોવું જોઈએ. આ-પ્રોગ્રામમાં જોડાવવા માટે આ લીંકમાં રજીસ્ટ્રેશન કરાવવું https://internship.aicte-india.org/module_ulb/Dashboard/TulipMain/index.php આ ઈન્ટર્નશીપ પૂર્ણ કરનારને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સર્ટીફીકેટ એનાયત કરવામાં આવશે. આ પ્રોગ્રામ લગત વધુ જાણકારી માટે IEC-CELL.RMC@GMAIL.COM અથવા મો નો.૯૭૧૪૯૫૪૨૪૨ ઉપર સંપર્ક કરી શકે છે. વિદ્યાર્થીઓ તા.૧૫-૦૧-૨૦૨૬ સુધી રજીસ્ટ્રેશન કરી શકશે.

આ પ્રોગ્રામ અંતર્ગત રાજકોટ શહેરમાં તમામ વિદ્યાર્થીઓને ''સ્વચ્છ TULIP'' પ્રોગ્રામમાં જોડાઈને રાજકોટ મહાનગરપાલિકાના સ્વચ્છ ભારત મિશનનાં કામમાં સહભાગી થઈ રાજકોટ શહેરને સ્વચ્છતામાં અગ્રીમ સ્થાન અપાવવાની મુહિમમાં મદદરૂપ થવા અનુરોધ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# AIBEની પરીક્ષામાં ક્રિપાલસિંહજી એડ્વોકેટ્સના બે હોનહાર યુવા વકિલો સારા ગુણોથી ઉતીર્ણ

## એ.આઈ.બી.ઈ. ની પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાથી આશરે ૧૩૦૦૦ જેટલા પરિક્ષાર્થીઓએ પરીક્ષા આપેલ જેમાથી આશરે ૬૦૦૦ જેટલા પરિક્ષાર્થીઓ ઉતીર્ણ થયા



Premrajsinh R. Parmar (Advocate)



Ravibhai Lal (Advocate)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયા સમગ્ર ભારતના પ્રોવિઝીનલ સનદ ધારક વકીલોની તાજેતરમાં નવેમ્બર-૨૦૨૫માં લેવાયેલ ઓલ ઈન્ડિયા બાર એકઝામમાં સૌરાષ્ટ્રના સુવિખ્યાત લો-ફર્મ ક્રિપાલસિંહજી એડ્વોકેટ્સ (Since 1928)ના બે વકીલો રવિ મનોજભાઇ લાલ તથા પ્રેમરાજસિંહ રૂપરાજસિંહ પરમાર ખુબજ સારા ગુણોથી અંગ્રેજી માધ્યમથી અપાયેલ પરીક્ષામાં ઉતીર્ણ થયેલ છે.

આ બન્ને વકીલો સુવિખ્યાત એડવોકેટ રૂપરાજસિંહ પરમારના એસોસીએટ્સ તરીકે ઘણા સમયથી કાર્યરત છે અને સફળતા પુર્વક પોતાની જવાબદારી નિભાવી રહેલ છે.

ઉપરોક્ત પરીક્ષામાં પાસ થનાર એડવોકેટ રવિ મનોજભાઇ લાલએ બી.સી.એ.નો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ રાજકોટ ખાતેથી કાયદા ની ડિગ્રી પ્રાપ્ત કરેલ અને ખુબજ નાની વયે લો-ફિલ્ડમાં પદાર્પણ કરી દિધેલ હતું. રવિ મનોજભાઇ લાલ જંક્શનના લોહાણા સમાજ તથા ભારતીય જનતા પાર્ટીના અગ્રણી તથા વેપારી આલમમાં સારી એવિ નામના ધરાવતી મંગલમ ક્રેડિટ કો.ઓપ.સોસાયટીના ચેરમેન મનોજભાઇ લાલના સુપુત્ર છે તેમજ તેઓ પણ લોહાણા સમાજમાં સારી નામના ધરાવે છે તેમજ બહોડું મિત્રવર્તુળ ધરાવનાર છે.

ઉપરોક્ત પરીક્ષામાં અન્ય એક પાસ થનાર એડવોકેટ પ્રેમરાજસિંહ રૂપરાજસિંહ પરમાર પોતાના પરદાદા એડવોકેટ ક્રિપાલસિંહજી, દાદા એડવોકેટ રાજકુમારસિંહજી તથા પિતા રૂપરાજસિંહ પરમારના પગલે ચોથી પેઢીએ વકીલાતમાં પદાર્પણ કરી ચુકેલ છે. પ્રેમરાજસિંહએ બી.ઈ., એમ.બી.એ (ડી.વાય. પાટીલ યુનિવર્સિટી પુના) તથા એલ.એલ.બી. ની ડિગ્રીઓ પ્રાપ્ત કરેલ છે.અત્રે ઉલ્લેખનીય છે કે, આ એ.આઈ.બી.ઇ. ની પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાથી આશરે ૧૩૦૦૦ જેટલા પરિક્ષાર્થીઓએ પરીક્ષા આપેલ જેમાથી આશરે ૬૦૦૦ જેટલા પરિક્ષાર્થીઓ ઉતીર્ણ થયેલ છે.

એ.આઈ.બી.ઇ. ની પરીક્ષામાં પાસ થનાર રાજકોટના એડવોકેટ રવિ મનોજભાઇ લાલ (M.O. ૯૪૨૯૯ ૧૮૧૩૧) તથા એડવોકેટ પ્રેમરાજસિંહ રૂપરાજસિંહ પરમાર (M.O. ૯૬૬૨૦ ૮૯૯૬૩) ને પોતાના સમાજ તથા પરીવારનું ગૌરવ વધારવા બદલ ચોમેરથી અભિનંદન વર્ષા થઈ રહેલ છે. તેમજ એડ્વોકેટ રૂપરાજસિંહ પરમારના એસોસીએટ એડવોકેટ્સ સર્વ અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, દિપકભાઈ ભાટીયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા, જીતભાઈ શાહ વિગેરે મીત્રવર્તુળ તથા સિનિયર-જુનિયર વકીલ તરફથી શુભેચ્છાઓ આપવામાં આવેલ છે.

# ગોંડલ,શાપર અને ભાડલામાં ચાઈનીઝ દોરી અને તુક્કલનું વેચાણ કરતા પાંચ વેપારીઓ ઝડપાયા

## ૯૧ ફીરકી,૪૦ તુક્કલ કબજે કરાયા,પોલીસ દ્વારા આરોપીની પુછતાછ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લામાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરી અને તુક્કલનુ વેંચાણ થતુ હોવાની માહીતીને આધારે એસપીની સુચનાથી જીલ્લા ભરમાં ચાઈનીઝ દોરી અને તુક્કલના વેચાણ સામે દરોડા પાડવામાં આવ્યા હતા જેમા ગોંડલ,શાપર અને ભાડલા પોલીસે પાંચ વેપારીઓની ધરપકડ કરી તેની પાસેથી ૯૧ ચાઈનીઝ ફીરકી, ૪૦ તુકકલ કબજે કરી વધુ કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ ગોંડલ બી ડિવિઝન પોલીસ મથકના



સ્ટાફે કોલેજ ચોક પાસે વૈભવ શોરૂમ સામે ફૂટપાથ પર ચાઈનીઝ દોરીની ૫ ફિરકી કિંમત રૂપિયા ૧,૨૫૦ સાથે ભાર્ગવ ઉર્ફે ભોલું દિનેશભાઈ બાબરીયા (ઉ.વ.૨૨ રહે. ગોંડલ ભગવતપરા ચબૂતરાવાળી શેરી) તેમજ ગોંડલ આવાસ કવાર્ટર પાસે જાહેર રોડ પર ચાઈનીઝ દોરીની ૭૩ ફીરકીઓ અને ૪૦ તુક્કલ સહિત કુલ રૂપિયા ૨૦,૨૫૦ ના મુદ્દામાલ સાથે હનીફ ઓસમાણભાઈ નાલબંધ (ઉ.વ. ૬૫ રહે. ભગવતપરા શેરી નંબર ૨૩, ગોંડલ) ને ઝડપી લીધો હતો અને તેની સામે ગુનો નોધ્યો હતો. ગોંડલ સિટી પોલીસે દેવપરા મેઈન રોડ પરથી પ્રકાશ ધનજીભાઈ સરમાળીયા(ઉ.વ.૨૨) ને ચાઈનીઝ દોરીની પાંચ ફિરકીસાથે ઝડપી લીધો હતો.

જયારે ભાડલા પોલીસે કમળાપુર ગામે મદાવા રોડ પર રામાપીરના મંદિર પાસેથી અભિષેક ભરતભાઈ ઉગરેજીયાને ચાઈનીઝ દોરીની પાંચ ફીરકી સાથે કાર્યવાહી કરી હતી. તેમજ શાપર પોલીસે સર્વોદય સોસાયટીમાં રહેતા અશરફ ઓસમાણભાઈ રાઉમાને ત્રણ ચાઈનીઝ દોરીની ફીરકી સાથે ઝડપી લઈ તેની સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી વધુ કાર્યવાહી કરી છે.

# રાજકોટમાં બનેવીએ દુષ્કર્મ ગુજારતાં ૧૭ વર્ષિય સાળીનો આપઘાતનો પ્રયાસ

## ખંભાળિયાના શખ્સે રાજકોટ બોલાવી હોટેલમાં પીત્ઝા સાથે કોલ્ડ્રીંક્સમાં ઘેની પદાર્થ ભેળવી પીવડાવી દેતાં છેક સવારે જાગી ત્યારે ખબર પડી કે ન થવાનું થયું છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના બસ સ્ટેન્ડ નજીક આવેલી ક્રિષ્ના હોટેલમાં બનેવીએ ૧૭ વર્ષની સાળીને ઘેની પદાર્થ પાઈ દુષ્કર્મ ગુજારતાં સભાન અવસ્થામાં આવેલી સાળીને પોતાના પર કુકર્મ આચરાયાનો ખ્યાલ આવતા લાગી આવ્યું હતું અને એસિડ પી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. સગીરાને સારવારમાં હોસ્પિટલે ખસેડાઈ હતી. સમગ્ર ઘટના સંદર્ભે સગીરાના પિતાએ કરિયાદ નોંધાવતાં એ-ડિવિઝન પોલીસે આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

આ અંગે સગીરાના પિતાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે પોતાના કૌટુંબિક જમાઈએ સગીર પુત્રીને ધમકી આપીને રાજકોટ બોલાવી હતી. પુત્રી રાજકોટ જતાં તેને હોટેલમાં લઈ ગયો હતો ત્યાં



પિત્ઝા અને સાથે કોલ્ડ્રીંક્સ લાવ્યો હતો. કોલ્ડ્રીંક્સમાં ઘેની પ્રવાહી પીવડાવી દીધું હતું ત્યારબાદ પુત્રી ઉપર દુષ્કર્મ આચર્યું હતું. સમગ્ર ઘટના બાદ લાગી આવતાં જામનગરમાં કોલેજમાં અભ્યાસ કરતી અને હોસ્ટેલમાં રહેતી સગીરાએ એસિડ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો જેથી તેને ત્યાં સારવારમાં ખસેડવામાં આવી હતી.

સગીરાએ કરેલા આત્મહત્યાના પ્રયાસ બાબતે પરિવારજનો અને પોલીસે પૂછપરછ કરતા તે બોલી શકતી ન હતી જેથી તેની સાથે બનેવી વિમલ (નામ બદલાવેલ છે) એ જો પોતે રાજકોટ નહીં આવે તો તારી બહેનને હેરાન કરીશ કહી ધમકી આપીને રાજકોટ બોલાવી હતી અને ત્યારબાદ તેના ઉપર દુષ્કર્મ ગુજાર્યું હતું સહિતની વિતક લેખિતમાં આપી હતી જે આધારે સગીરાના પિતાએ ખંભાળિયા પંથકના આંબરડીમાં રહેતા કૌટુંબિક જમાઈ સામે જામનગર પોલીસમાં ઝીરો નંબરથી ફરિયાદ નોંધાવી હતી. દુષ્કર્મની ઘટના રાજકોટમાં બની હોવાથી એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ ટ્રાન્સફર થઈ છે. પીઆઈ બી.વી. બોરીસાગર તેમજ સ્ટાફે આરોપીને સકંજામાં લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

# ત્રિશૂલ ચોકમાં ધર્મની બહેનને મેસેજ કરવાની ના પાડતા યુવક પર ચાર શખ્સોએ છરી વડે હુમલો કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના અટીકા ફાટક નજીક ત્રિશૂલ ચોકમાં પોતાની ધર્મની માનેલી બહેનને મેસેજ કરવાની ના પાડતા ઉશ્કેરાયેલા શખ્સોએ યુવકને આંતરી છરીના ઘા ઝીં કી દીધા હતા. યુવક સાથે રહેલા તેના મિત્રોને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલે ખસેડાયો હતો.ઘટના અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગતો મુજબ, નવા થોરાળા વિસ્તારમાં રહેતા અને સોના સીંગની દુકાનમાં મજૂરી કામ કરતા ૨૧ વર્ષીય પંકજ નરેશભાઈ સાગઠીયાએ ભક્તિનગર પોલીસ મથકમાં જયેન્દ્ર સરવૈયા, કાર્તિક સાગઠીયા, પિયુષ અને એક અજાણ્યો શખ્સ સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, આરોપી જયેન્દ્ર સરવૈયા પંકજની ધર્મની માનેલી બહેન દીપાલીને ફોન પર મેસેજ કરતો હતો. પંકજે તેને અગાઉ મેસેજ કરવાની ના પાડી હતી આ વાતનો ખાર રાખીને ગત ૭ જાન્યુઆરીના રાત્રે પંકજ તેમના મિત્રને લેવા જલારામ ચોક ગયા હતા. ત્યાંથી બંને ત્રિશૂલ ચોક પાસે સાહીલ બથવારની પાનની દુકાને ઉભા હતા દરમિયાન જયેન્દ્ર અને તેના સાથીદારો અહીં ધસી આપ્યા હતા.

આરોપીઓએ પંકજ સાથે ગાળાગાળી કરી ઢીકાપાટુનો માર મારવાનું શરૂ કર્યું હતું. જ્યારે પંકજનો મિત્ર સાહીલ વચ્ચે છોડાવવા પડ્યો ત્યારે આરોપીઓએ તેની સાથે પણ ઝપાઝપી કરી હતી. દરમિયાન આરોપી કાર્તિક સાગઠીયાએ પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢી પંકજને વાંસાના ભાગે જમણા ખભાની નીચે એક જોરદાર ઘા ઝીંકી દીધો હતો. હુમલા બાદ પંકજ લોહીલુહાણ હાલતમાં નીચે પડી જતા ચારેય આરોપીઓ ત્યાંથી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત તાત્કાલિક ગુંદાવાડીની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેને ત્રણ ટાંકા આવ્યા હતા.બનાવ અંગે પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# રતનપર ગામે દારૂની ૪૩૨ બોટલ સાથે ક્રેટા કારમાં બુટલેગર ઝડપાયો

## ક્રેટા કારમાં બનાવટી નંબરપ્લેટ લગાવી દારૂની હેરાફેરી થઈ રહી'તીઃ બે બૂટલેગરના નામ ખુલ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોવાથી વૈભવી કારમાં દારૂનો જથ્થો ભરાઈને રાજકોટમાં ઠલવાય અને પ્યાસીના પેટમાં જાય તે પહેલાં ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડી બે નામચીન બૂટલેગરના નામ ખોલ્યા છે તો દારૂ લઈ આવનાર શખસની ધરપકડ કરી હતી.

આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલિયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.ડી.ડોડિયા, જયરાજ કોટિલા, રાજેશ જળુ, પ્રદીપસિંહ જાડેજા સહિતની ટીમે રતનપર ગામે શુભ હોટલવાળી શેરીમાંથી ક્રેટા કાર નં.જીજે૩૮બીજે-૨૧૦૦ને અટકાવી તલાશી લેતાં





તેમાંથી ૫.૬૧ લાખની રમની ૪૩૨ બોટલ મળી આવતાં ચાલક મહિપાલસિંહ લગધીરસિંહ ઝાલા (ઉ.વ.૩૦, રહે.કલ્યાણનગર શેરી નં.૧)ની ધરપકડ કરી પૂછપરછ કરતાં તેની પાસે દારૂનો આ જથ્થો હિતેન્દ્ર ઉર્ફે ભૂરો દિલીપસિંહ ઝાલા (રહે.ઘનશ્યામનગર) અને લકીરાજ ઉર્ફે લકી રઘુવીરસિંહ ઝાલા (રહે. રતનપર)એ મંગાવ્યો હોવાની કબૂલાત આપતાં પોલીસે હિતેન્દ્ર અને લકીરાજ તેમજ કારમાં દારૂ ભરી આપનાર શખસ સામે ગુનો દાખલ કર્યો હતો. પોલીસને ચકમો આપવા માટે કારમાં બોગસ નંબરપ્લેટ પણ રાખવામાં આવી હતી જે કબજે કરાઈ હતી. પોલીસે દારૂ, કાર સહિત કુલ ૧૫.૬૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલા મહિપાલસિંહ સામે અલગ-અલગ પોલીસ મથકમાં ચાર તો હિતેન્દ્ર ઉર્ફે ભૂરો ઝાલા સામે બે, લકીરાજ ઉર્ફે લકી ઝાલા સામે ત્રણ ગુના નોંધાયેલા હોવાનું તપાસમાં ખુલ્યું હતું.

# ઈન્સ્ટાગ્રામમાં વાતો કરતી યુવતીને મળવા જતાં સગીરનું અપહરણ કરી માર માર્યો

## મોબાઈલની લૂંટ ચલાવી જબરદસ્તી ગાંજો પીવડાવી ડાન્સ કરાવી વીડિયો બનાવ્યોઃ ફેક આઈડી બનાવી આરોપીઓએ કૃત્ય આચર્યાનું સગીરનું રટણ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સિવિલ હોસ્પિટલમાં સારવારમાં રહેલા ૧૭ વર્ષીય સગીરે ઈન્સ્ટાગ્રામ પર યુવતીના ફેક આઈડી દ્વારા પ્રેમજાળમાં ફસાવી, તેનું અપહરણ કરી, છ થી સાત શખ્સોએ બેફામ ફૂટકારી લૂંટ ચલાવી તેમજ મોબાઈલ ઝૂંટવી લઈને જબરદસ્તી ગાંજો પીવડાવી ડાન્સ કરતો વીડિયો ઉતાર્યો હોવાના આક્ષેપો કરતાં ગાંધીગ્રામ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

આ અંગેની વિગતો મુજબ, પડધરીના ન્યારા ગામે રહેતો ૧૭ વર્ષીય સગીર ઈજાગ્રસ્ત હાલતમાં સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડવામાં આવ્યો હતો અહીં યુવકે અજાણ્યા શખ્સો સામે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, છેલ્લા બે દિવસથી ઈન્સ્ટાગ્રામ પર એક અજાણ્યા યુવતીના આઈડી સાથે વાતચીત કરતો હતો. સામે પક્ષેથી યુવતી બનીને વાત કરતા શખ્સે તેને મળવા માટે રેલનગરના હનુમાન મંદિર પાસે બોલાવ્યો હતો. સગીર જેવો ત્યાં પહોંચ્યો કે તરત જ બ બે બાઈક પર સવાર ૬ થી ૭ શખ્સોએ તેનું અપહરણ કર્યું હતું.

આરોપીઓ સગીરને બળજબરીથી બાઈક પર બેસાડી માધાપર ચોકડીથી બેડી રોડ વચ્ચે આવેલી માધવ હોટલે લઈ ગયા હતા. ત્યાં તેને બેફામ માર મારવામાં આવ્યો હતો. ત્યારબાદ ત્યાંથી મામાદેવના મંદિરે લઈ જઈ ધોકા, પાઈપ અને ઢીકાપાટુ વડે હુમલો કરી તેનો મોબાઈલ ફોન ઝૂંટવી લીધો હતો. લૂંટારુઓએ ફોનમાંથી સિમકાર્ડ કાઢીને સગીરને આપી દીધું હતું અને ફોન પોતાની પાસે રાખી લીધો હતો.ગાંજો પીવડાવી વીડિયો ઉતાર્યો અને ધમકી આપી અત્યાચારની હદ તો ત્યારે વટાવી જ્યારે શખ્સો તેને ઈશ્વરીયા નદી કાંઠે લઈ ગયા અને પૂછ્યું કે, 'તારે ઘરે જવું છે?' સગીરે હા પાડતા આરોપીઓએ શરત મૂકી કે જો ઘરે જવું હોય તો ગાંજો પીવો પડશે. ત્યારબાદ એઈમ્સ હોસ્પિટલ પાસે બાવળની ઝાડીઓમાં લઈ જઈ સગીરને પરાણે ગાંજો પીવડાવ્યો હતોતેની પાસે ગીતો ગવડાવ્યા હતા અને માર મારતા હોય તેવો વીડિયો પણ ઉતાર્યો હતો.

આરોપીઓએ સગીરને ધમકાવતા કહ્યું હતું કે, ''તારા જેવા બકરા જ અમે શોધીએ છીએ'' જો પોલીસ કેસ કરીશ તો જેલમાંથી બહાર આવીને તને છરીના ઘા મારી દઈશું, ''અમને પોલીસની બીક નથી.ઘટના બાદ આરોપીઓ સગીરને તેના ઘરની શેરી પાસે મૂકીને નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત હાલતમાં આર્યને પરિવારને આપવીતી જણાવતા તેને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. ઘટના અંગે ગાંધીગ્રામ પોલીસે સગીરના નિવેદનના આધારે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

# દુષ્કર્મના કેસમાં સોની વેપારીની વિદેશ જવાની અરજી કોર્ટે ફગાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોનીબજારની જાણીતી પેઢી 'ગણેશ ગોલ્ડ'ના ભાગીદાર અને સોની વેપારી અમિત ભીં ડી દ્વારા વિદેશ જવા માટે કરવામાં આવેલી માંગણીને રાજકોટ સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. દુષ્કર્મ જેવા ગંભીર ગુનામાં ગુના સંડોવાયેલા આરોપીએ પુત્રની ડિગ્રી સેરેમની અને ધંધાકીય કામ અર્થે કેનેડા તથા લંડન જવાની પરવાનગી માંગી હતી. આ કેસની હકિકત મુજબ, ગણેશ ગોલ્ડમાં માર્કેટિંગનું કામ કરતી એક મહિલાને હિસાબના બહાને ફ્લેટ પર બોલાવી અમિત ભીંડી અને અલ્પેશ ભીંડી નામના બે ભાઈઓએ તેના નગ્ન ફોટા પાડી લીધા હતા.

આ ફોટા વાયરલ કરવાની અને મિલકત પચાવી પાડવાની ધમકી આપી બંને ભાઈઓએ મહિલા પર અવારનવાર બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ સપ્ટેમ્બર ૨૦૨૨માં ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. આરોપીને અગાઉ પાસપોર્ટ રિન્યુ કરાવવા માટે આપવામાં આવ્યો હતો, જે નિયત સમય મર્યાદામાં કોર્ટમાં જમા કરાવીને તેણે જામીનની શરતોનો ભંગ કર્યો હતો કેસમાં હજુ ચાર્જશીટ ફાઈલ થઈ નથી. જો આરોપીને વિદેશ જવાની છૂટ અપાય, તો તે પરત ન ફરે અને તપાસમાં સહકાર ન આપે તેવી શક્યતા જણાઈ હતી. કોર્ટે નોંધ્યું કે આરોપીની વર્તણૂક જોતા અને અગાઉની શરતોના ઉલ્લંઘનને ધ્યાને લેતા તેને વિદેશ જવાની પરવાનગી આપવી ન્યાયિક જણાતી નથી. મૂળ ફરિયાદી વતી એડવોકેટ સુરેશ ફળદુ અને તેમની ટીમ તથા સરકાર પક્ષે આર.વી. કલોલાએ રોકાઈને વિદેશ જવા સામે સખત વિરોધ નોંધાવ્યો હતો, જેને ગ્રાહ્ય રાખી સેશન્સ જજે આરોપીની અરજી નામંજૂર કરી છે.

# કોઠારિયામાં પાણીના ટાંકામાં ડૂબી જતા ૨ વર્ષના બાળકનું મોત

## ઘરના પ્રાંગણમાં રમતો પુત્ર અચાનક ગાયબ થઈ ગયો,તપાસ કરતા ટાકામાંથી મળી આવ્યો, પરિવારમાં ઘેરો શોક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કોઠારિયા ગામે ૨ વર્ષનો બાળક ઘરના પ્રાંગણમાં રમતાં-રમતાં અચાનક ગાયબ થઈ ગયો હતો. કેટલાક સમય સુધી બાળકની શોધખોળ કર્યા બાદ તે આખરે ભો ટાકામાંથી બેભાન હાલતમાં મળી આવ્યો હતો. તુરંત જ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડતા તબીબે બાળકને મૃત જાહેર કરતા પરિવારમાં ઘેરો શોક છ્વાઈ જવા પામ્યો હતો. આ અંગેની વિગતો મુજબ, કોઠારીયા રામવન નજીક આવેલી મુકેશ પાર્ક-૧માં રહેતા ભરતભાઈ મુંધવાનો ૨ વર્ષીય પુત્ર હિરેન બુધવારે સાંજના ઘરે રમી રહ્યો હતો દરમિયાન કેટલોક સમય વીતી ગયા હોવા છતાં હિરેન રમતો હોય તેવો અવાજ ન આવતા તેની માતા સોનુબેન સહિતના પરિવારજનોએ પુત્રની શોધખોળ હાથ ધરી હતી. આચનક કોઈનું ધ્યાન પ્રાંગણમાં આવેલ ભો ટાકામાં પડતાં હિરેન ડૂબેલી હાલતમાં જોવા મળ્યો હતો. પરિવારે તુરંત જ બાળકને બહાર કાઢી સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં પહોચ્યો હતો પરંતુ અહીં ઈમરજન્સી વિભાગના તબીબે હિરેનને મૃત જાહેર કર્યો હતો. ઘટના અંગે જાણ થતાં જ આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, મૃતકના પિતા ભરતભાઈ રિક્ષા હંકારી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓને સંતાનમાં હિરેન એક જ પુત્ર હતો લાડકવાયાના મોતથી માતા-પિતા શોકમાં સરી પડ્યા હતા.

# ''શહેર ની ટ્રાફિક સમસ્યા જનતા માટે સુવિધા ના બદલે દુવિધારૂપ''

## ટ્રાફિક સમસ્યાના લોલમલોલ અંગે કોંગ્રેસ હેલ્થ એન્ડ હોસ્પિટલના ચેરમેન ગીરીશ વાણિયાની ધારદાર રજૂઆત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોંગ્રેશ હેલ્થ એન્ડ હોસ્પિટલ ચેરમેન ગીરીશ વાણિયા અને તેમની ટીમ દ્વારા શહેરની વિકરાળ અને જનતા માટે સુવિધાના બદલે દુવિધા રૂપ ટ્રાફિક સમસ્યા અંગે શહેર પૉલિશ કમિશનર મ્યુ. કમિશનર ડેપ્યુટી પોલીસ કમિશનર ટ્રાફિક શાખા સહિતના ઓને ધારદાર રજૂઆત કરવામાં આવી હતી.

અને તેવો એ જણાવ્યું હતું કે, શહેરના મોટા ભાગ ના ટ્રાફિક સિગ્નલો બંધ હાલતમાં જોવા મળે છે અને જ્યાં ટ્રાફિક સિગ્નલો નથી તેવા પોઇન્ટો પર પોલીસ જવાન કે ટી.આર. બી જવાન હોતાં નથી અને



જો હોય છે તો કેસો કરવા માટે વાહન રોકવામાં વ્યસ્ત હોય છે. અને ટ્રાફિક જામ હોય છે જેથી શહેરની ટ્રાફિક સમસ્યા વિકાર બની છે.

શહેરમાં જ્યારે સિગ્નલો બંધ હોય ત્યારે જનતા માટે ડાબી બાજુનો રસ્તો બ્લોક હોય છે જેથી ટ્રાફિક જામ સર્જાય છે .

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે શહેરના છેવાડાના પોઇન્ટો જેવા કે ગ્રીન લેન્ડ ચોકડી, મવડી ચોકડી, ગોંડલ ચોકડી, આજીડેમ ચોકડી, નાનામવા ચોકડી, માધાપર ચોકડી સહિતના વિસ્તારોમાં પ્રાઈવેટ ટેક્સી કે બસોનો અનહદ ત્રાસ હોય છે અને ટ્રાફિક જામ થાય છે ત્યારે હાજર પરના પોલીસ જવાન કે ટિ. આર. બી મેન મુખ પ્રેક્ષક બની કાતો વાહનો રોકવામાં વયસ્ત હોય છે અથવા ફાકી ચોળતા કે ફોન માં વયસ્થ નજરે પડે છે જેથી ટ્રાફિક જામ થાય છે. ત્યારે હાજર ટી. આર. બી. કે પોલીસ જવાન મુખ પ્રેક્ષક બની કાંતો મેમો આપવામાં વ્યસ્ત હોય છે અને ટી. આર. બી. જવાન રોકવામાં વયસ્ત હોય છે અને ટ્રાફિક જામ થાય છે.

આ અંગે કોંગ્રેસ હેલ્થ એન્ડ હોસ્પિટલ ચેરમેન ગીરીશ વાણિયા વિજયજાદવ હિવરાટપરમાર મહેન્દ્ર પરમાર મંથન વાણિયા જગદીશ સાગઠિયા જયિમન મકવાણા અમન મકવાણા સાહિતનાઓ હજાર રહ્યા હતા આ અંગે કડક કામગીરી કરી તત્કાલ બંધ પડેલ ટ્રાફિક સિગ્નલો ચાલુ થાય અને યોગ્ય ટ્રાફિક નિયમથાય તેવી માંગણી કરી હતી.

# વિછીંયામાં પવન ચકકીના ધંધાની હરીફાઈમાં બે જૂથ વચ્ચે સામસામે ફાયરીંગ

## નામચીન શખસ ટોળકી સાથે ધસી આવતા ડખ્ખો, નાસભાગ જિલ્લામાં ગેંગવોરના બનાવમાં SP સહીતનો કાફલો દોડી ગયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિંછીયામાં યુપી-બિહાર સ્ટાઈલમાં સામ સામા ફાયરીંગ થતાં ખળભળાટ મચી ગયો છે. પવનચક્કીના ધંધાની હરીફાઈમાં બે જૂથ વચ્ચે અથડામણમાં હત્યાનો પ્રયાસ થતાં એસપી સહિતના પોલીસ અધિકારીઓ દોડી ગયાં હતાં અને બંને જૂથના નવ શખ્સો સામે ગુનો નોંધાયો હતો.

આ બનાવ અંગેની માહિતી મુજબ વિંછીયા પોલીસે લઘુ નાજ ધાંધલ (રહે વિંછીયા), પ્રતાપ વલકુ ખાચર (રહે. આકડીયા, વિંછીયા), ધ્રુવરાજ રાજેશ ધાંધલ (રહે. વિંછીયા), જયવંત ઉર્ફે જયુ જીલુ ધાંધલ (રહે. જસદણ) રણજિત જીલુ ધાંધલ (રહે. વિંછીયા), કુલદીપ શિવરાજ ખાચર (રહે મોટામાત્રા, વિંછીયા) દેવેન્દ્ર ઉર્ફેડેંડું બોરીચા (રહે સુદામડા, સુરેન્દ્રનગર), લાલો જીવા ગોવાળિયા(રહે. બોટાદ) અને જયદીપ પટગીર (રહે.વિંછીયા) સામે રાયોટીંગ, આર્મ્સ એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પીઆઈ એ.સી.ડામોર સહિતના સ્ટાફે લઘુ નાજ ધાધલ, પ્રતાપ વલકુ ખાચર, ધ્રુવરાજ ધાધલ, જયવંત ઉર્ફે જયુ ધાધલ, રણજીત ધાંધલ સહિતની અટકાયત કરી તેની પૂછપરછ કરતા પવન ચક્કીના ધંધાની હરીફાઈમાં ડખ્ખો ચાલતો હોવાનું પ્રાથમીક તપાસમાં પોલીસે આરોપીઓની ધરપકડ કરી તેની પાસેથી હથિયાર, વાહનો સહિતની મત્તા કબજે કરી વધુ ચાર આરોપીઓને ઝડપી લેવા દોડધામ કરી છે.

# અમરેલીમાં નિવૃત્ત શિક્ષકે APK ફાઈલ ઈન્સ્ટોલ કરતા ખાતામાંથી ૧૫ લાખ ઉપડી ગયા

## એસબીઆઈ કસ્ટમર કેરના નામે વિશ્વાસમાં લઈ છેતરપિંડી

**મુખ્ય સમાચાર, અમરેલી**

અમરેલીમાં રહેતા નિવૃત શિક્ષકને મોબાઇલમાં એપ્લિકેશનની એપીકે ફાઈલ મળી હતી જે પોતાના મોબાઈલમાં ઈન્સ્ટોલ કરતા ની સાથે જ તેના ખાતામાંથી ૧૫ લાખની રકમ જુદા જુદા ત્રણ ટ્રાન્જેક્શન દ્વારા ઉપડી ગઈ હતી. સોશિયલ મીડિયામાં ફરી રહેલી આ ફાઇલ મોબાઇલમાં ડાઉનલોડ કરતાની સાથે જ મોબાઈલના તમામ એક્સેસ આરોપીઓના હાથમાં ચાલ્યા જાય છે અને પછી બેંક ખાતામાંથી રકમ ઉપડી જાય છે.

આ અંગેની માહિતી મુજબ મધુવન પાર્ક-૪, લાઠી રોડ, અમરેલી ખાતે રહેતા નિવૃત્ત શિક્ષક રાજેશપ્રસાદ ઈન્દ્રવદન પંડીત





(ઉ.વ.૬૧)એ અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપીઓ મો.નં.૯૦૭૮૧૬૪૬૧૦ વાળા ઉપરથી કસ્ટમરકેર નંબરનો ધારક/વાપરનાર, અજય નામનો હિન્દી ભાષી મો.નં. ૭૪૩૯૧૪૨૦૬૨માંથી વાત કરનાર વ્યકિત અને મો.નં. ૯૩૪૧૨૩૫૦૦૩ના વોટ્સએપ એકાઉન્ટ વાપરનાર વ્યક્તિએ સાથે મળીને લોકોને ફસાવવા માટે ષડયંત્ર રચ્યું હતું. આ રીતે અમરેલીના આ નિવૃત્ત શિક્ષકને પોતે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી હતી. આ રીતે નિવૃત્ત શિક્ષકને શ્વાસમાં લઈ ભોળવી બેંકના નામની અલગ અલગ એપ્લીકેશન વોટ્સએપમાં ફાઈલ મોકલી તે ડાઉનલોડ કરાવી કરવા માટે કહ્યું હતું. આ રીતે એપીકે ફાઈલ દ્વારા મેળવેલી એપ્લિકેશન ડાઉનલોડ કરતાની સાથે જ આરોપીઓએ તમામ એક્સેસ મેળવી લીધા હતા. આ પછી અલગ અલગ વાતચીતમાં વ્યસ્ત રાખી નિવૃત્ત શિક્ષકની જાણ બહાર તા.૦૬/૦૧ના બે અલગ અલગ બેંક ખાતામાંથી અલગ અલગ રકમના કુલ-૦૩ ટ્રાન્જેક્શન કરી કુલ રૂ.૧૫,૦૦,૦૦૦/- બારોબાર ટ્રાન્સફર કરી દીધા હતા. આ રીતે વિશ્વાસઘાત અને ઠગાઈ કરી હોવાની અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.